પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

શુભ દીપાવલી

15 સફળતાના ૧૪ વર્ષ પૂરા કરી ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪+૧૨ સોમવાર તા. ૨૦-૧૦-૨૦૨૫ વર્ષ: ૧૪, અંક : ૧૯૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

રાત્રે આકાશમાં રંગબેરંગી ફટાકડાની રંગોળી પુરાશે

# આજે પ્રકાશનું પર્વ દિવાળી: હર એક હૈયે હરખ

## ચોતરફ દીપાવલીના તહેવારનો ઝગમગાટ: કાલે પડતર દિવસ, બુધવારે નવા વર્ષની ઉજવણી

**અબતક, રાજકોટ**

હિન્દુ પંચાગના સૌથી મોટા પર્વ દિવાળીની આજે દેશભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રકાશના પર્વને લઈ દરેક વ્યકિતમાં ભારે જોશ, જુસ્સો અને આનંદ જોવા મળી રહ્યો છે. આજે રાતે આકાશમાં અવનવા ફટાકડાની નયનરમ્ય રંગોળી પુરાશે.

### રાત્રીના શ્રેષ્ઠ ચોઘડીયા

| ચોઘડીયા | સમય |
|---|---|
| ચલ | ૦૬-૧૭ થી ૦૭-૫૦ |
| લાભ | ૧૦-૫૮ થી ૧૨-૩૨ |
| શુભ | ૦૨-૦૬ થી ૦૩-૩૯ |
| અમૃત | ૦૩-૩૯ થી ૦૫-૧૩ |
| ચલ | ૦૫-૧૩ થી ૦૬-૪૭ |

દિવાળીના તહેવારના અંતિમ દિવસોમાં ખરીદી માટે ચિક્કાર ટ્રાફિક નિકળતા વેપારીઓના હૈયા પણ હરખાય ગયા હતા. આવતીકાલે પડતર દિવસ છે. બુધવારથી વિક્રમસંવતઃ ૨૦૮૨નો મંગલારંભ થશે. ઘેર ઘેર રંગોળી બનાવી વિદાય લઈ રહેલા વષર્ષને અલવિદા કહી નવા વર્ષને આવકારવા માટે ઉમંગ જોવા મળી રહ્યો છે. આવતીકાલે પડતર દિવસ છે.

દિવાળીમાં સાંજના પ્રદોષકાળ નુ તથા રાત્રિના નિશીથ કાળ નુ મહત્વ હોય છે જે સોમવારે છે આથી સોમવારે દિવાળી શુભ છે આ વર્ષે દિવાળીના રાત્રે ૮.૧૭ કલાક સુધી હસ્ત નક્ષત્ર છે ત્યારબાદ ચિત્રા નક્ષત્ર છે જે દિપાવલી માટે ઉત્તમ ગણવામાં આવે છે

દિવાળીના દિવસે સમુદ્રમાંથી લક્ષ્મીજીનો પ્રાદુર્ભાવ થયો હતો. શ્રી રામચંદ્ર ભગવાન રાવણને મારી વિજય મેળવી અને દીવાળીના દિવસે અયોધ્યા પરત પધાર્યા હતા.

ઉજજૈનના સમ્રાટ વિક્રમાદિત્યએ સુરાજય શાસન પર્વની સ્થાપના આ દિવસે કરી હતી. શ્રી કૃષ્ણ ભગવાને કાળી ચૌદશના દિવસે નરકાસુરનો વધ કર્યો અને બીજા દિવસે એટલે કે દિવાળીના દિવસે લોકોએ ઉત્સવ ઉજવ્યો હતો. પાંડવો ૧૪ વર્ષનો વનવાસ ભોગવી અને હસ્તિનાપુર પધાર્યા તે દિવસ હતો. દિવાળીનો. આમ અલગ અલગ પ્રકારે દીપાવલીનું મહત્વ રહેલું છે . પુરાણમાં મહત્વ આપણા પદમ પુરાણ ભવિષ્ય પુરાણ ગ્રંથો મા જુદી જુદી રીતે દિવાળીનું મહત્વ છે . તેમાં ખાસ કરીને બ્રહ્મપુરાણ પ્રમાણે દિવાળીની રાત્રિએ લક્ષ્મીજી સ્વયં લોકોના ઘરમાં પધારે છે આથી જ લોકો ચોપડા પૂજન કરે છે અને પોતાનું ઘર સ્વચ્છ રાખે છે .

આજ ચોપડા પૂજનનું મહત્વ રહ્યું છે. મહાલક્ષ્મીજી ના આઠ સ્વરૂપ છે . દિવાળીના ચોપડા પૂજનમાં કલમ એટલે કે પેનને મહાકાળીનું સ્વરૂપ ગણી પૂજા કરવામાં આવે છે . મા લક્ષ્મીજીનો સિક્કો ચોપડા પર રાખી પૂજન કરવામાં

(અનુ. આઠમા પાને)



## દિવાળીના અંતિમ દિવસોમાં બજારમાં ખરીદીની અનેરી રોનકઃ વેપારીઓમાં ખુશીઓની આતશબાજી

## રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજયપાલ, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ દેશવાસીઓને દિવાળીના પર્વની શુભકામના પાઠવી




શહેરના કાલાવાડ રોડ સ્થિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે આજે સવારે શુભ મુહુર્ત ચોપડા મુજબ કરવામાં આવ્યું હતું. પરિવર્તન જ સંસારનો નિયમ છે. ચોપડાની સાથે લેપટોપનું પણ પુજન કરી વેપાર ધંધામાં અવિરત પ્રગતિ મળતી રહે તેવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવી હતી. (તસવીરઃ શૈલેષ વાડોલીયા)






રોશનીનું પર્વ, ઉમંગ અને ઉલ્લાસના રંગો

# દિલને દિલથી જોડતો સ્નેહનો દીપ પ્રગટાવતુ પર્વ "દિવાળી": ફેસ્ટિવલ મૂડ ઓન

## હિન્દુ ધર્મ સાથે જૈન અને શિખ ધર્મમાં પણ દિપાવલીનું અનેરૂ મહત્વ, ઈ.સ. પૂર્વે પ૨૭ના રોજ દિવાળીને દિવસે જ ભગવાન મહાવીર સ્વામીનું નિર્વાણ થયું હતું, તેથી જૈન ધર્મમાં દિવાળીનું વિશેષ મહત્વ છે: નવા કપડા, નવા રૂપરંગ અને નયનરમ્ય રંગોળી સાથે ફટાકડા ફોડીને બાળથી મોટેરા દિપોત્સવી પર્વ ઉજવે છે

જૂની દિવાળી અને નવી દિવાળી વચ્ચેનો મુખ્ય તફાવત સમય અને આધુનિકતાના કારણે પરંપરાઓની ઉજવણીની રીતમાં આવેલો બદલાવ છે. પહેલા તો ઘરે જ મીઠાઈ ફરસાણ બનાવતા, ઘરની સજાવટ, સફાઈ અને નવીનીકરણ સાથે માટીના કોડિયાના દીવાઓનું જગમગાટ શેરી ગલીયોમાં જોવા મળતો હતો.માટીના કોડિયાં તેલ કે ઘી વડે પ્રગટાવવામાં આવતા હતા, જે પ્રકાશનો મુખ્ય સ્રોત હતા. એ જમાનામાં ફટાકડા ફોડવાની અને મોડી રાત સુધી રંગોળી બનાવવાની સાથે ઘરના નાસ્તાની જમાવટ હતી. પરિવારના દરેક સભ્યો આ આનંદ ઉત્સવમાં જોડાતા હતા. સંયુક્ત પરિવાર હતો એટલે મોજે મોજ હતી, ભાઈચારાની અતૂટ ભાવના હતી. આજના તહેવારોનો આનંદ તો બહુ ટૂંકો હોય છે, પણ એ જુના દિવસોનો આનંદ કંઈક જુદો જ હતો, મહિનાઓની પહેલા તૈયારી થઈ જતી હતી. સમગ્ર દેશમાં દિપોત્સવી પર્વનું મહત્વ છે. ત્યારે આપણાં કાઠીયાવાડમાં સૌરાષ્ટ્ર-કચ્છની પ્રજા આ તહેવાર પુરા ઉલ્લાસ અને ઉમંગથી ઉજવે છે. દીપાવલી સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ દિપકોની હારમાળા થાય છે. પ્રકાર પર્વે ઝગમગાટ દિવડાની હારમાળા સૌને રોમાંચિત કરે છે. દિવો એ જ્ઞાનનું પ્રતિક છે. યુગોથી ભારતીય સંસ્કૃતિએ અજ્ઞાનતા અને અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દિવાની સમજ સ્વીકારી છે.



દિવાળી પર્વ પાંચ દિવસોનો ઉત્સવ છે. લાભ પાંચમથી નવલા ગુજરાતી વર્ષે કામકાજ શરૂ થાય છે. દેવ દિવાળી પણ એટલાં જ ઉમંગથી ઉજવાય છે. આ પર્વ આશા-ઉમંગની વધામણીનું છે. એક બીજા લોકો નવલા વર્ષે પ્રેમ પૂર્વક મળીને શુભેચ્છા પાઠવે છે. વિક્રમ સંવત પ્રમાણે વર્ષના અંતિમ માસ આસોની અમાસ એટલે દિવાળી ઐતિહાસિક અને ધાર્મિક રીતે આ અનેરા તહેવારનું મહત્વ છે. પ્રભુ રામ રાવણ વધ કરીને આ દિવસે અયોધ્યા પહોચ્યા હતા. અંધારી અમાસની રાતને પ્રકાશના દિવડાઓથી શણગારીને દિવાળી મનાવવાની પરંપરા ત્યારથી ચાલી આવી છે. વાણીની દેવી સરસ્વતીનું પુજન વાક બારસે, દેવી લક્ષ્મીની પૂજાનો દિવસ ધન તેરસ, અશુભ તત્વો કે આસુરી શકિતઓ આપણા જીવનથી દુર રહે તે માટે કાળી ચૌદશના પૂજન અર્ચના કરાય છે. નવા કપડા નવા રૂપરંગ નયનરમ્ય રંગોળી સાથે ફટાકડા ફોડીને બાળથી મોટેરા દિપોત્સવી પર્વ ઉજવે છે. એક માન્યતા મુજબ વિષ્ણુ રૂપ વરાહ ભગવાને ત્રણ ડગલા પૃથ્વીની માંગણી બલીરાજા પાસેથી પૂર્ણ કરી હતી. બાદમાં બલી રાજાને પાતાળના સમ્રાટ બનાવ્યા હતા. આ ત્રણ દિવસ સર્વત્ર બલીરાજાનું સામ્રાજય રહે છે.

આજના દિવસે મહારાજા ચંદગુપ્ત વિક્રમાદિત્યે મંત્રીમંડળના મહત્વપૂર્ણ નિર્ણયો બાદ શુકલ પ્રતિપાદથી ભારતનો હજી સુધીનો રાષ્ટ્રીય સંવત સ્થાપવાની જાહેરાત કરી હતી. ઉજજૈનના રાજા વિર વિક્રમનો આ દિવસે રાજયાભિષેક પણ થયો હતો. દિવાળીના દિવસે અલગ અલગ પ્રદેશોમાં અલગ પ્રથાઓ જોવા મળે છે. જેમાં અમુક પ્રથા બધે જોવા મળે છે. આ પર્વે વેપારીઓ ચોપડા પુજન કરે છે. દિપાવલી પર્વે મહાલક્ષ્મી પૂજન રાત્રે કરાય છે. સૌ શ્રધ્ધા, ભાવથી પ્રાર્થના કરે ઘર અને ફળિયાને સ્વચ્છ કરીને રંગોળીથી આંગણુ દિપાવે છે. આ દિવસોમાં લક્ષ્મી, ગણેશ અને સરસ્વતી આમ ત્રિદેવની એક સાણે પુજા થાય છે. દિપાવલી એટલે અંધારી રાતને પ્રકાશમય બનાવવાનો અનેરો દિવસ સમુદ્ર મંથનમાંથી આજના દિવસે લક્ષ્મીજી પ્રગટ થયા હતા અને ભગવાન નારાયણને વર્યા હતા, માટે મહાલક્ષ્મીનું પુજન થાય છે. દિવાળી એટલે પ્રકાશ, પ્રેમ અને આનંદનું પર્વ દિવાળી પર્વે ઘરની આસપાસ જયાં અંધારૂ હોય ત્યાં, ઘરના મુખ્ય દરવાજે, પીપળાના વૃક્ષ નીચે, જયાં લક્ષ્મી પુજન કરો તે જગ્યાએ, ઘરમાં મંદિરે કે આસપાસના મંદિરે દિવડા જયોતિ પ્રગટાવી સાથે તમારા ઘર આંગણે આખી રાત દિવો પ્રગટાવવો જોઈએ.



પંચાંગમાં જે "ધોકો" કે "પડતર દિવસ" તરીકે ઓળખાય છે, તે મુખ્યત્વે હિંદુ પંચાંગની તિથિ (લ્યુનર ડેટ) અને સૂર્યોદય (સૌર દિવસ) પર આધારિત ગણતરીઓનો એક ભાગ છે. આ દિવસ ખાસ કરીને દિવાળી અને નૂતન વર્ષ (બેસતા વર્ષ) વચ્ચે આવે છે. પંચાંગ અનુસાર, ધોકો એ એવો દિવસ છે જ્યારે સૂર્યોદય સમયે પાછલા દિવસની તિથિ (સામાન્ય રીતે અમાસ, જે દિવાળીની તિથિ છે) હજી ચાલુ હોય, પરંતુ તે તિથિ દિવસ દરમિયાન સમાપ્ત થઈ જાય અને નવા વર્ષની પ્રથમ તિથિ (પડવો) હજી સૂર્યોદય પહેલાં શરૂ ન થઈ હોય. સરળ શબ્દોમાં, આ દિવસ એવો છે જે બે અલગ-અલગ તિથિઓના સંક્રમણ માં આવે છે, જેમાં સૂર્યોદય સમયે નવું વર્ષ શરૂ થતું નથી. પરંપરાગત રીતે, પંચાંગમાં આખો દિવસ કઈ તિથિનો ગણવો તે નક્કી કરવા માટે સૂર્યોદયના સમયને આધાર તરીકે લેવામાં આવે છે. એટલે કે, સૂર્યોદય સમયે જે તિથિ ચાલુ હોય તે આખા દિવસની તિથિ ગણવામાં આવે છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપડું પંચાગ એક ગણિતશાસ્ત્ર છે, એ રાશિ,નક્ષત્ર, તિથિ,અને ચંદ્રની ગતિ આ બધાની ગણતરી કરે છે,જેમાં આપડું પંચાગ ચંદ્રની કળા ઉપર આધારિત છે. ચંદ્રને ૧૨ ડિગ્રી ફરવામાં જે સમય લાગે છે તેને તિથિ કહેવામાં આવે છે, ક્યારેક ચંદ્રને ૧૨ ડિગ્રી સુધી પહોંચવામાં ૨૪ કલાકથી વધુ સમય લાગે છે, તો ક્યારેક ઓછો સમય લાગે છે, આથી સૂર્યોદય સમયે જે તિથિ હોય તે તિથિ પૂરા દિવસ માટે ગણાય.આથી સૂર્યોદય સમયે કઈ તિથિ હશે એ ચંદ્ર અને સૂર્યનું અંતર અને પરિક્રમણ પર આધારિત છે.

### એક વો ભી દિવાલી થી, એક યહ ભી દિવાલી હૈ

જીવનના દરેક રસના સમન્વય સાથે સબરસ લેવાની પરંપરા આજે પણ દિવાળીએ ચાલુ જ છે, મોડી રાત્રી કે વહેલી સવાર સુધી રંગોળી નિર્માણ સાથે પરિવારનો દરેક સભ્ય ખુશી અને આનંદ સાથે એકબીજાને મદદરૂપ થતો હતો. નાસ્તાની જમાવટ સાથે બાળથી મોટેરા ફટાકડા ફોડવાનો આનંદ માણતા હતા. એ જમાનાના ફટાકડામાં સાપની ટીકડી, ચાંદલીયા, લવિંગિયા નાના ટેટા, લાલ મોટા ટેટા, લક્ષ્મી છાપ મોટા, હવાઈ. શંભુ, રોકેટ, ઉંદરડી આગગાડી, સુતળી બોમ્બ જેવા ફટાકડા આખી રાત ફોડવાની મજા આવતી હતી. આખી શેરીના પરિવાર એકબીજાના ઘરે જઈને સાલ મુબારક કરતા હતા. દિવાળી એ શેરીની આસપાસની દુકાનોમાં ચોપડા પૂજનની રોનક જોવા મળતી, જેમાં નાસ્તા સાથે ફટાકડાની જમાવટ થતી હતી. બધાને બોનસ મળતા બજારો સાથે દરેક ઘરમાં પણ રોનક આવી જતી હતી. નવા લીધેલા વસ્ત્રો પહેરવાનો આનંદ કંઈક જુદો જ હતો. આખી જિંદગી યાદ રહી જાય તેવી આનંદ ઉત્સવની યાદો એ દિવાળી આપી ગઈ છે.



માનવતાનો સાદ

## ગાંધીધામ પોલીસે જરૂરીયાતમંદ પરિવારના બાળકોને આપી દિવાળીની ભેટ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દિવાળીના પાવન પર્વ નિમિત્તે ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ દ્વારા માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. જરૂરિયાતમંદ શ્રમિક વર્ગના નાના ભૂલકાઓના ચહેરા પર ખુશી લાવવા માટે પોલીસે મીઠાઈ, ફટાકડા, કપડાં અને બુટનું વિતરણ કર્યું હતું. આ ભેટ સામગ્રીનું વિતરણ થતાં બાળકો તેમજ તેમના પરિવારોમાં આનંદ અને ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. પોલીસની આ પહેલે સમાજમાં એક સકારાત્મક સંદેશ આપ્યો છે.

## વિશ્વ પ્રસિદ્ધ ભામસરા ગામમાં દેવદૂત હનુમાનજી મંદિરે ગુરૂવારે દાદાનો અન્નકૂટ મહોત્સવ

**અબતક, રાજકોટ**

દેવદૂત હનુમાનજી મહારાજ મંદિરે ભામસરા ગામમાં સૌ હરી ભક્તોને જણાવવાનું કે તારીખ ૨૩ ૧૦ ૨૦૨૫ ને ગુરુવારના રોજ હનુમાનજી મહારાજનું સાનિધ્યમાં ભવ્ય અન્નકુટ હરિભક્તો દ્વારા દાદા ને ભાવથી ધરાવામાં આવશે અન્નકુટ સવારે દર્શન ૧૦થી૧.૩૦ સુધીનું રહેશે તો સૌ હરી ભક્તો પરિવાર સહિતના આ દિવ્ય દર્શનનો લાભ લેવા પધારવા ભાવભર્યું આમંત્રણ છે સૌ હરીભક્તોને જણાવવાનું કે દર વરસની જેમ આ વર્ષે પણ હનુમાનજી મહારાજનું સાનિધ્યમાં એકમથી પાંચમ સુધી પગપાળા યાત્રાળુ સૌ માટે ચા નાસ્તો જમવાની રહેવાની ગરમ પાણીના નાહવાની આ બધી સુવિધા હરિભક્તો દ્વારા કરવામાં આવી છે ત્યારે આપના સગા સંબંધી ચાલતા જતા પગવાળા યાત્રાળુઓને વિસામો લેવા ચોટીલા ભાવનગર બગદાણા વીરપુર સાળંગપુર ખોડીયાર દ્વારકા જતા રસ્તામાં આવતું ભામસરા ધામ બાવળા બગોદરા હાઈવે પર પધારવા હનુમાનજીના પરમ ભક્ત સુરેશ દાદા એ અનુરોધ કર્યો છે.



## અંજાર પોલીસે દિવાળીએ જરૂરિયાતમંદ લોકોને કર્યું મીઠાઈનું વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દિવાળી એક મહત્વનો તહેવાર છે. આ નામ સાંભળતા જ આબાલવૃદ્ધ સહુ કોઈના ચહેરા પર એક સ્માઈલ આવી જાય છે.



દિવાળીનો મતલબ જ ખુશીઓનો તહેવાર એવો થાય છે.

અંજાર પીઆઈ એ આર ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા બાળકોમાં મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેના પગલે તમામના ચહેરા પર ખુશીની લહેર ખીલી ઉઠી હતી. આમ અંજાર પોલીસે માનવતા મહેકાવી આ દિવાળીને અનોખી રીતે ઉજવીને તેને કંઈક ખાસ દિવાળી બનાવી દીધી છે.

## શ્રી હરિકૃષ્ણધામ (રણજીતગઢ) ખાતે ભાઈબીજથી લાભપાંચમ સુધી સત્સંગ પર્વ

**અબતક, રાજકોટ**

દિવાળીના તહેવારોની રોનક નો માહોલ જામી રહ્યો છે ત્યારે શ્રી હરિકૃષ્ણધામ (રણજીતગઢ) ખાતે ભાઈ બીજથી લાભ પાચમ સુધી સત્સંગ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે, શ્રી હરિકૃષ્ણધામ (રણજીતગઢ) ખાતે ભકિત હરિદાસજી સ્વામી ના સાનિધ્યમાં ઉજવાનારા ૧૨માં સત્સંગ પર્વમાં દિપાલી મહોત્સવ દરમિયાન તારીખ ૧૭ થી ૨૧ દરમિયાન દરરોજ સવારે ૬ થી ૭:૩૦ ધૂન સાંજે ૬:૩૦ વાગ્યા સુધી ચોપડા પૂજન આ અંગે ૧૮મી સુધી ઓફિસમાં અથવા માવજી ભગત ૯૪ ૨૮૨ ૮૦ ૧૦૭ ને નામ લખાવવા અનુરોધ કરાયો છે ૨૧ ૧૦ મંગળવારે સવારે છ થી સાંજે છ અખંડ રામધૂન પંચામૃત મહોત્સવ અને ૨૨મી એ બુધવારે સવારે ૦૬:૦૦ વાગ્યાથી મૃત્યુ વર્ષ સતસંગ સભા અંડકુટ આરતી અને ૨૩મી એ ગુરુવારે શિબીર નો પ્રારંભ થશે ૨૩ થી ૨૬ દરરોજ સવારે ૯:૦૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ સત્સંગ કથા અમૃત અને દરરોજ સવારે ૩૬ કલાકે ધ્યાન સેશન યોજાશે ૨૫ ૧૦ શનિવારે સાંજે ચાર કલાકે પ્રશ્નોત્તરી અને દરરોજ રાત્રે ૯:૦૦ કલાકે ધૂન સહિતના આનંદદાયી આયોજનો કરવામાં આવ્યા છે તારીખ ૪ ૧૧ મંગળવાર સવારે ૭:૩૦ થી રાત્રે ૮:૦૦ વાગે ખાસ આયોજનના ભાગરૂપે એક દિવસીય ઘનશ્યામ બાલકિશોર શિબિર નું આયોજન કરવામાં આવ્યું છે આ સત્સંગ પરોનો લાભ લેવા હરિભકતોને ભકિત હરિદાસજી સ્વામી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૧૦-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ દિવાળી ના રંગો : પરંપરાથી આધુનિકતા સુધી
૦૪:૩૦ થી ૦૫:૦૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૧૦-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### અબતક પંચાગ

**તા.૨૧-૧૦-૨૦૨૫ મંગળવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | આસો વદ અમાસ | | |
| નક્ષત્ર | ચિત્રા | | |
| યોગ | વિષકુંભ | કરણ: | કિસ્તુઘ્ન |
| સુર્યોદય | ૬.૪૭ | સુર્યાસ્ત: | ૬.૧૬ |
| ચંદ્ર રાશી | કન્યા સવારે ૯.૩૮થી તુલા | | |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ/ર.ત. | | |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ | | |
| રાહુકાળ | બપોરે ૩ થી ૪.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ | | |
| રાત્રીનાચોઘડીયા | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૦૭ થી ૧.૫૪ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

### સૂડોકુ -૧૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | | | | ૧ |
| ૮ | | ૭ | | ૯ | ૩ | ૫ | ૪ | |
| | | | | ૬ | | | ૮ | |
| | ૮ | | ૫ | | ૨ | | ૧ | ૪ |
| | ૧ | ૨ | ૯ | | ૬ | ૮ | ૩ | |
| | ૭ | | ૮ | | ૪ | ૯ | | |
| ૯ | | | ૩ | ૫ | | | | |
| | ૫ | | ૭ | | ૧ | | ૯ | |
| | | | | | ૯ | ૪ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૨૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૭ | ૮ | ૨ | ૬ | ૫ | ૪ | ૯ |
| ૫ | ૨ | ૯ | ૩ | ૧ | ૪ | ૮ | ૭ | ૬ |
| ૬ | ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૧ | ૨ | ૩ |
| ૧ | ૭ | ૨ | ૯ | ૬ | ૫ | ૩ | ૮ | ૪ |
| ૮ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ | ૬ | ૯ | ૧ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૮ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ | ૨ |
| ૨ | ૬ | ૫ | ૪ | ૯ | ૧ | ૭ | ૩ | ૮ |
| ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ | ૯ | ૧ | ૫ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૨૧.૧૦.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, આસો વદ અમાસ, ચિત્રા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, કિંસ્તુઘ્ના કરણ આજે સવારે ૯.૩૫ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ)** : તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.

**સિંહ (મ,ટ)** : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.

**તુલા (ર,ત)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય)** : ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ)** : કામકાજ માં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ)** : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

# કુછ મીઠા હો જાયે: દીપાવલીમાં મિક્સ અને ડ્રાયફ્રુટ મીઠાઈઓનું રાજ





## દિવાળીમાં લોકો હવે મિક્સ મીઠાઈઓની વધુ પસંદ કરે છે: મનીલ અકબરી (શિવ શક્તિ ડેરી)

દિવાળીમાં લોકો હવે મિક્સ મીઠાઈઓ આપવાનું વધુ પસંદ કરે છે. અમારી પાસે મિલ્ક મિક્સ અને ડ્રાયફ્રુટ કાજુ મિક્સ ખાસ ડિમાન્ડમાં છે. ચોકલેટ મીઠાઈઓની માંગ પણ વધી રહી છે. મીઠાઈઓના ભાવ રૂ ૪૮૦ થી રૂ૧૫૬૦ સુધી છે. આ વર્ષે ગ્રાહકોની સંખ્યા ગયા વર્ષ કરતાં નોંધપાત્ર રીતે વધી છે. શિવ શક્તિ સ્વીટ્સના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે, તેથી દર વર્ષે નવીન સ્વાદ અને આકર્ષક પ્રસ્તુતિ પર ખાસ ધ્યાન રાખી રહ્યા છીએ.

## શિવ શક્તિ સ્વીટ્સ અને સિયારામ ડેરીમાં ગ્રાહકોની ભારે ભીડ: મિલ્ક, ચોકલેટ અને ડ્રાયફ્રુટ મીઠાઈઓની વેચાણમાં નોંધપાત્ર વધારો, દિવાળીના તહેવારે મીઠાશમાં ઉમટ્યો ઉમંગ





## ડ્રાયફ્રુટવાળી મીઠાઈઓની સૌથી વધુ માંગ: યુગ બુદ્ધદેવ (સિયારામ ડેરી)

અબતક સાથેની વાતચીતમાં સિયારામ ડેરી યુગ બુદ્ધદેવ અમારી પાસે આ વખતે ડ્રાયફ્રુટ વાળી મીઠાઈઓની સૌથી વધુ માંગ છે. દિવાળીના તહેવારે લોકો એકબીજાને ગિફ્ટ રૂપે અવનવી મીઠાઈઓ આપવાનું પસંદ કરે છે. અમારા સ્ટોરમાં લગભગ ૨૫ થી ૩૦ પ્રકારની ડ્રાયફ્રુટ મીઠાઈઓ ઉપલબ્ધ છે જેમાં કેસર કાજુ કતરી, ડ્રાયફ્રુટ અંજીર લાડુ અને કાજુ ટાકોસ ખાસ લોકપ્રિય બની છે. આ વર્ષે કાજુ કતરીની ખરીદીમાં પણ મોટો વધારો નોંધાયો છે.



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવાળીના તહેવારને લઈને મીઠાઈઓની ખરીદીમાં આ વર્ષે નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સ્થાનિક સ્વીટ શોપ્સમાં મિક્સ મીઠાઈઓ અને ડ્રાયફ્રુટ વાળી મીઠાઈઓ ખાસ લોકપ્રિય બની ગઈ છે. ગ્રાહકો આ સ્વીટ્સને ગિફ્ટ માટે ખરીદતા નજર આવ્યા, જે શહેરમાં તહેવારની મીઠાશ અને ખુશીઓને વધારવાનું કાર્ય કરે છે.

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી, સ્થાનિક મીઠાઈ સ્ટોરોએ ગ્રાહકો માટે વિવિધ સ્વાદ, ગિફ્ટ પેકિંગ અને નવીન પ્રસ્તુતિ સાથે મીઠાઈઓ તૈયાર કરી છે. મિક્સ મીઠાઈઓ અને ડ્રાયફ્રુટ સ્વીટ્સની વધતી માંગ દર્શાવે છે કે લોકોએ સ્થાનિક સ્વીટ્સને પોતાની પસંદગીમાં શ્રેષ્ઠ સ્થાન આપ્યું છે. દિવાળીના તહેવાર પર મીઠાઈઓની પસંદગી અને ખરીદી માત્ર વેપાર માટે નહીં, પણ લોકોના જીવંત ઉત્સાહ અને તહેવારી આનંદ માટે પણ મહત્વપૂર્ણ બની ગઈ છે. આથી, શહેરની મીઠાશ અને નાગરિકોના ઉત્સાહ વચ્ચે આ તહેવાર વધુ યાદગાર બની રહ્યો છે.



# મ્યુઝિકવાળા ફટાકડાઓએ જીત્યાં રાજકોટિયન્સના દિલ, બજારમાં ઉમંગનો માહોલ

## ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો છતાં લોકોનો ઉત્સાહ અડગ: મ્યુઝિકલ, લાઈટિંગ અને ચમત્કારિક રંગોવાળી નવી વેરાયટીથી ખરીદીમાં વધારો





**અબતક, રાજકોટ**

દિવાળીનો તહેવાર નજીક આવતા રાજકોટની બજારોમાં ચમક-ધમક છવાઈ ગઈ છે.શહેરના ખૂણે ખૂણે ઝગમગતા દીવા, રંગીન લાઈટો અને ખુશીના અવાજો ગૂંજી રહ્યા છે. આ વર્ષે રાજકોટમાં ફટાકડાના બજારમાં અનોખો નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે મ્યુઝિકવાળા, લાઈટિંગવાળા અને ચમત્કારિક રંગો છૂટતા ફટાકડાઓ લોકહૃદયમાં ધૂમ મચાવી રહ્યા છે.

બાળકો અને યુવાનોમાં ખાસ આકર્ષણ પામતા આ ફટાકડાઓ ખરીદવા માટે રાજકોટના બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.



વેપારીઓના જણાવ્યા મુજબ, આ વખતે ફટાકડાની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. લોકો પોતાના પરિવાર સાથે દીવાના પ્રકાશમાં આનંદ માણવા તૈયાર છે, અને ફટાકડાના ધડાકા તેમની ખુશી બમણી કરી રહ્યા છે

ફટાકડાના વેપારી જણાવે છે કે, આ વર્ષે સુતરી બોમ્બ અને મિરચી બોમ્બના ભાવમાં વધારો થયો છે, જ્યારે અન્ય ફટાકડાઓમાં સરેરાશ ૧૦થી ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. છતાં રાજકોટના લોકોના ઉત્સાહમાં કોઈ ઘટાડો નથી. લોકો ખાસ કરીને બાળકો માટે નવી વેરાયટીના ફટાકડા ખરીદવા ઉત્સુક છે.

રાજકોટની પ્રખ્યાત ફટાકડાની દુકાનો અને સ્ટોલ પર ખરીદદારોની ભારે અવરજવર છે.

બજારમાં ચમકતા રંગો, સંગીત સાથે ધડાકા કરતા ફટાકડા અને આકાશને રંગીન બનાવતા લાઈટ શો ફટાકડાઓ લોકપ્રિય બન્યા છે. આ વર્ષે ખાસ કરીને બાળકો અને યુવાનોમાં મ્યુઝિકલ ફટાકડાની ભારે માંગ જોવા મળી રહી છે. આ ફટાકડાઓ ફૂટે ત્યારે સંગીતના તાલ પર પ્રકાશ છોડે છે, જેના કારણે દિવાળીની રાત વધુ રોમાંચક બની રહી છે.

વેપારીઓએ સલામતી માટે ખાસ ધ્યાન આપ્યું છે જેથી નાના બાળકો પણ આનંદથી આ ફટાકડાઓનો આનંદ માણી શકે.

માતા-પિતામાં પણ વિશ્વાસનો માહોલ છે કે નવા પ્રકારના ફટાકડા સલામત અને પર્યાવરણમૈત્રી છે.

ભાવ વધ્યા હોવા છતાં, રાજકોટના લોકોના ચહેરા પર આનંદ અને ઉત્સાહ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.ઘણા પરિવારો પોતાના બાળકો સાથે બજારમાં ફટાકડા ખરીદવા નીકળ્યા છે. મ્યુઝિક અને લાઈટિંગ ફટાકડાઓ ખરીદતા બાળકોના ચહેરા પર ખુશીના રંગ છલકાઈ રહ્યા છે.

બજારમાં સતત વધતા વેચાણથી વેપારીઓમાં ખુશીનો માહોલ છે. સાથે ફટાકડાની સાથે રંગોળી, મીઠાઈ, અને દીવાના બજારોએ પણ ચમક પકડી છે





## યાત્રાધામોમાં માનવ મહેરામણ ઉમટયો

## પ્રકાશના પર્વે જગતમંદિર રોશનીથી ઝળહળી ઉઠ્યું



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દિપાવલી પર્વ ૨૦૨૫ના તહેવારો શરૂ થઈ ચૂકયા છે ત્યારે યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ જગતમંદિરને કલાત્મક રોશનીથી શણગારવામાં આવ્યું છે. ખાસ કરીને દ્વારકા આસપાસની ત્રિજ્યાના ૧૦ કિમી દૂરથી જગતમંદિર રંગબેરંગી ડેકોરેટીવ લાઈટની સીરીઝ તથા અન્ય લાઈટીંગથી ઝગમગતું નિહાળી શકાય છે. દિપાવલીના તહેવારોમાં દ્વારકા દર્શનાર્થે ઉમટી પડેલ ભાવિકો દિવ્ય રોશની નિહાળી ભાવવિભોર થતાં દ્રશ્યમાન થાય છે.

**નવા વર્ષમાં એક પખવાડિયું હોટલ ગેસ્ટ હાઉસ ફુલ**

ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં રાજ્યમાં સર્વત્ર સારો વરસાદ થયો છે ત્યારે આગામી દિવાળીના તહેવારોમાં દેશના પશ્ચિમ છેવાડે આવેલ યાત્રાધામ દ્વારકામાં દિવાળીના મીની વેકેશનમાં હોટલ ગેસ્ટહાઉસમાં નવા વર્ષમાં ચિક્કાર બુકીંગ નોંધાયા હોય યાત્રાધામમાં ભાવિકો તથા સહેલાણીઓની વ્યાપક ભીડભાડ જોવા મળશે. રાજ્ય સરકારે શાળાઓમાં દિવાળી વેકેશન જાહેર કરેલ હોય આશરે એક પખવાડિયા સુધી યાત્રાધામ દ્વારકા ઉપરાંત નાગેશ્વર જ્યોતિર્લિંગ, બેટ દ્વારકા, શિવરાજપુર બ્લ્યુ ફ્લેગ બીચ, હર્ષદ (ગાંધવી), ગોપી તળાવ વગેરે ધાર્મિક સ્થળો તેમજ પર્યટન સ્થળો પર વ્યાપક ભીડભાડ જોવા મળશે. આ વર્ષે સુદર્શન સેતુ પણ દર્શનીય સ્થળોમાં શામેલ થયું હોય ત્યારે સહેલાણીઓ અને મુલાકાતીઓ માટે બેટ દ્વારકા યાત્રા વધુ સુગમ બનવા સાથે સુદર્શન સેતુની મુલાકાત લેતાં જોવા મળશે. આ ઉપરાંત શિયાળાની શરૂઆત થઈ રહી હોય ત્યારે શિવરાજપુર બીચમાં સ્કૂબા ડાઈવીંગ, બેટ દ્વારકામાં ડોલ્ફીન વ્યુઈંગ વગેરેની પણ સીઝન આવી રહી હોય ત્યારે સમગ્ર ઓખામંડળમાં આગામી પખવાડિયું યાત્રીકો અને સહેલાણીઓની ભીડભાડવાળું રહેનાર હોય સ્થાનીય વેપારીઓમાં પણ સારા વેપારની આશા બંધાઈ છે

## દીપાવલી પર્વે ઠાકોરજી શામળા શેઠ રૂપે વેપારી બનશે

આજરોજ દ્વારકાધીશ મંદિરે દિપાવલી પર્વ નિમિત્તે ઠાકોરજીને સોનેરી રંગના વિશેષ વાઘા સાથે સંપૂર્ણ સોના ચાંદી હિરાજડિત આભુષણો તથા મસ્તક પર સુવર્ણજડિત મુગટનો શગણાર કરવામાં આવશે. નિજ મંડપમાં રંગોળી કરી પૂજારી પરિવાર દ્વારા દિપમાલા દર્શન યોજવામાં આવશે.









### લુપ્તતાના આરે ઉભેલી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી સંસ્થા

# બાલાશ્રમના દિકરા-દીકરીઓના હસ્તે કરાયું ચોપડા પુજન







## બાળકોને નાનપણથી જ મુળભૂત સંસ્કરોની દિશા આપવાના બાળાવૃત્તિના પ્રયાસો પર પ્રસંશાના પુષ્પોનો રિસાદ

**અબતક, રાજકોટ**

રાજકોટની ૧૧૮ વર્ષ જુની મોરબીના મહારાજાન હરભમજી દરબાર દ્વારા સ્થાપવામાં આવેલ કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમના બાળકોમાં ભારતીય સંસ્કૃતિ જળવાય રહે તેવા શુભ આશયથી બાલાશ્રમની બે દિકરી તથા ત્રણ દિકરાઓના વરદ હસ્તે શારદા પુજન ગોર મહારાજ દ્વારા શાસ્ત્રોવિધીથી કરવામાં આવેલ હતું. અને આ પ્રસંગે બાલાશ્રમના તમામ બાળકો તથા સ્ટાફ અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાલાશ્રમ સંસ્થા દ્વારા તમામ તહેવારો ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ અત્યંત ભાવપૂર્વક ઉજવવામાં આવે છે અને બાળકોને તહેવારની મહત્વતા અને ઉદ્દેશ સમજાવવામાં આવે છે.

બાલાશ્રમ સંચાલિત એ.વી. જસાણી વિદ્યા મંદિરમાં પણ શાળાના બાળકો પાસે વેલેટાઈન ડેના દિવસે માતૃ પિતૃ વંદનાનો પ્રસંશનીય અને પ્રેરણાદાયક કાર્યક્રમ ઉજવવામાં આવે છે. અને દરેક વાલીઓનું પુજન કરાવી સુસંસ્કારનું સિંચન કરવામાં આવે છે.

બાલાશ્રમમાં યોજવામાં આવેલ શારદાપુજનમાં સંસ્થાના ઉપપ્રમુખ સી.એચ. પટેલ દ્વારા દીપાવલીના તહેવારનું તથા શારદા પુજન વગેરેનું મહત્વ સમજાવી દરેક બાળકોના જીવનમાં દિપાવલી રોશની લઈને આવે તેવી શુભેચ્છાઓ આપેલ, બાળકો દ્વારા ગણેશજી તથા મા શારદાની આરતી ઉતારવામાં આવી હતી.

શારદા પુજન નો પ્રસંગે સંસ્થાના સુપ્રી. પ્રતિમાબેન રાઠોડ, સુરેશભાઈ રાઠોડ, ચાર્મીબેન, હેમાલીબેન ભદ્રેશભાઈ વગેરે દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌએ ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રવિણાબેન, કેયુરભાઈ રાજુભાઈ મહેતા, ચન્દ્રકાન્તભાઈ પટેલ ઉપરાંત જોશનાબેન પટેલ, ઉર્વશીબેન નીકીતાબેનએ માર્ગદર્શન આપ્યું હતું.

બાલારમ દ્વારા આશ્રમના બાળકોમાં ભારતીય સંસ્કૃતિ જળવાય રહે તેવા આશ્રયથી બાળકોના હસ્તે કરવામાં આવેલ શારદાપુજનની ઠેર ઠેરથી પ્રસંશા થઈ રહી છે. અને લોકો અભિનંદન પાઠવી આવી જ રીતે સંસ્કૃતિની પરંપરા જળવાય રહે તેવા પ્રયત્નો કરતા રહેવાની શુભેચ્છા સાથે લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ભવ્યતાથી ઉજવાયો દિપોત્સવ પર્વ





## ૨૫૦૦ વેપારીઓને અપાયો વૈદિક ચોપડાપૂજનનો ધર્મલાભ બુધવારે નૂતન વર્ષ ૧૫૦૦ વાનગીઓનો ઠાકોરજીને ધરાશે અન્નકુટ

**અબતક,રાજકોટ**

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો દીપોત્સવી તેમજ નૂતન વર્ષનો ઉત્સવ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાનાર છે. જે અંતર્ગત સોમવારે દિવાળીના દિવસે સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન પ્રમુખસ્વામી સભાગૃહમાં વૈદિક ચોપડાપૂજન-લક્ષ્મીપૂજન વિધિ યોજાશે જેમાં પૂજ્ય સંતો વ્યાપારીઓને વૈદિક પૂજનવિધિમાં જોડશે અને ધંધા વ્યવહારના ચોપડામાં ભગવાનનો આશીર્વાદપત્રક લગાવવામાં આવશે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના વિડીઓ આશીર્વચનનો પણ લાભ પ્રાપ્ત થશે.

વિક્રમ સંવત ૨૦૮૧ની અંતિમ સંધ્યાએ મંદિર પર ઠાકોરજી સમક્ષ ભવ્ય કલાત્મક દિવડાઓની રંગોળી રચવામાં આવશે. ઉપસ્થિત તમામ ભાવિકો સાંજે ૭ વાગ્યે હજારો દીવડાઓના શણગાર રચિત ઠાકોરજીની સમૂહ આરતી દ્વારા વર્ષની અંતિમ સંધ્યા આરતી કરી ધન્યતાની લાગણી અનુભવશે.

વિક્રમ સંવત ૨૦૮૨ એટલે કે નૂતન વર્ષના પ્રથમ દિન, તા.૨૨ નવેમ્બર, બુધવારે ઠાકોરજીને નવા વાઘા પરિધારણ કરાવવામાં આવશે અને સવારે ૭ વાગ્યે શણગાર આરતી દ્વારા વર્ષના પ્રથમ દિને ભકતો ભાવિકો ભગવાન સમક્ષ પ્રાર્થના કરી આજના દિનનો મંગલ પ્રારંભ કરશે. ભારતીય સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા એ છે કે પ્રથમ ભગવાનને અર્પણ કર્યા બાદ જ

(અનું.આઠમાં પાને)

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરત પહોંચ્યા: શાનદાર સ્વાગત

## દિવાળી પર્વના કારણે સામાન્ય નાગરિકોને અગવડતા ન પડે તે માટે સ્વાગત રેલી રદ કરાવી સીધા કાર્યક્રમ સ્થળે પહોંચ્યા

**અબતક રાજકોટ**

રાજ્યના નવનિયુક્ત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યા બાદ આજે પોતાના મત વિસ્તાર સુરત પહોંચ્યા છે. જોકે, દિવાળીના પર્વ નિમિત્તે નાગરિકોને પરિવહન કે ટ્રાફિકની અડચણનો સામનો ન કરવો પડે તે ઉદ્દેશ્યથી તેમણે તેમની સ્વાગત રેલી ન નીકાળવા આહવાન કરી સૌ કાર્યકર્તા અને શુભેચ્છક નગરજનોને રેલવે સ્ટેશનથી સીધા જ નિર્ધારિત સ્વાગત કાર્યક્રમ સ્થળ પર પહોંચી રહ્યા છે.



નાયબ મુખ્યમંત્રી સુરત પહોંચતા, સુરતના કાર્યકરો તેમજ શુભેચ્છકો તેમના ભવ્ય સ્વાગત અને અભિવાદન રેલી માટે મોટી સંખ્યામાં આતુર હતા. પરંતુ શ્રી હર્ષ સંઘવીએ દિવાળી પર્વના કારણે સામાન્ય નાગરિકોને અગવડ ન પડે તે માટે તેમની સ્વાગત રેલી ન યોજવા માટે સ્પષ્ટ જણાવી દીધું હતું.

દિવાળીના માહોલમાં ખૂબ મોટી સંખ્યામાં સુરતના માર્ગો પર જો સ્વાગત રેલી યોજાય તો

(અનું.આઠમાં પાને)

# આસોપાલવના તોરણ એટલે ઘરો અને ઓફિસોમાં શુભતા અને સમૃદ્ધિ લાવવાની પરંપરા

## જગદંબા-મહાલક્ષ્મીની કૃપા માટે મુખ્ય પ્રવેશ દ્વારે પર ફૂલોથી અને આસોપાલવથી તૈયાર થતું તોરણ, નકારાત્મક શક્તિ કરે છે દૂર



**અબતક રાજકોટ**

દિવાળીના તહેવારોમાં માત્ર ઘરો જ નહીં, પરંતુ વ્યાપારિક સંકુલો, ઓફિસો અને ધર્મસ્થાનોના મુખ્ય પ્રવેશ દ્વાર પર તોરણ બાંધવાની વિશેષ પરંપરા નિહાળવા મળી રહી છે. એતીહાસિક રીતે, આ તોરણ સનાતન ધર્મના પ્રાચીન વૃત્તાંત સાથે જોડાયેલું છે.

દિવાળીના અવસર પર શકિત સ્વરૂપમાં જગદંબા અને મહાલક્ષ્મીનું આગમન થાય છે. આવા પ્રસંગે ઘરો અને અન્ય સ્થળોના પ્રવેશ દ્વાર પર તોરણ બાંધવાથી તમામ નકારાત્મક શક્તિઓ દૂર થાય છે અને દિવાળી દરમિયાન મહાલક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે.

અગિયારસથી નૂતન વર્ષ અને ભાઈબીજ સુધી, જ્યાં પણ લોકોની સામાન્ય અવરજવર હોય, ત્યાં પ્રવેશ દ્વાર પર તોરણ બાંધવાથી શુભતા અને સમૃદ્ધિની વાતાવરણ રચાય છે. સામાન્ય રીતે આ તોરણ આસોપાલવ, આંબા કે અન્ય ફૂલોથી તૈયાર કરવામાં આવે છે.

દિવાળીનો તહેવાર માત્ર પ્રકાશનો જ નથી, પરંતુ આ પરંપરા દ્વારા ઘરો અને અન્ય સ્થળોને શાંતિ અને સંપત્તિથી ભરી દેવાનો મંતવ્ય ધરાવે છે.

# સાળંગપુરમાં કષ્ટભંજન હનુમાનજી મંદિરે કાળી ચૌદશે હજારો હરિભકતોએ દર્શન અને યજ્ઞનો લીધો લ્હાવો

**અબતક, રાજકોટ**

બોટાદ જિલ્લાના યાત્રાધામ સાળંગપુર ખાતે ચૌદસે હનુમાનજી દેવતાના વિશેષ પૂજનનો ભવ્ય રીતે ધામધુમ પુર્વક ઉજવાઈ ગયો. આ દિવસે હજારો હરિભકતોએ - યજમાનઓએ હનુમાન દેવના પૂજનનો વિશાળ યજ્ઞમંડપમાં લ્હાવો લીધેલ તેમજ દાદાના દર્શન, અભિષેક, અન્નકૂટ, મારુતિ યજ્ઞ પૂજન દર્શન વગેરેના દિવ્ય દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ.

આ પ્રસંગે મંગળા આરતી, શણગાર આરતી, સવારે અભિષેક, છપ્પનભોગ અન્નકૂટ આરતી, સમૂહ મારુતિ યજ્ઞ પૂર્ણાહુતી કરવામાં આવેલ હતી. તેમજ ચોપડા પૂજન (શારદા પૂજન અને લક્ષ્મી પૂજન) સાંજે ૪:૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.



દાદાને એમ્બ્રોઈડરી વાળા રામ લખેલા વિશેષ વાઘાનો તેમજ સિંહાસનને ગુલાબના ફૂલોથી શણગાર કરાયો હતો. મંગળા આરતી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી,શણગાર એવં અન્નકૂટ આરતી શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા),છડી અભિષેક આરતી સ્વામી શુકદેવપ્રસાદદાસજી દ્વારા કરાઈ હતી.

સુવર્ણ હીરાજડિત મુગટની ૧ કિલો પ્યોર સોનાનો મુગટ છે. રજવાડી મુગટમાં ૨ મોટા પોપટની આકૃતિ અંકિત કરાઈ છે. બંને પોપટ પર હેન્ડ પેઈન્ટેડ મીણા કારીગરી કરાઈ છે. ૩૫૦ કેરેટ લેબ્રોન ડાયમંડનું જડતર કરાયું છે.

મુંબઈમાં બનેલો દાદાનો આ રજવાડી મુગટ અને કુંડળ ૧ કિલો પ્યોર સોનામાંથી બનાવાયો છે. સવા ફૂટ ઊંચા અને દોઢ ફૂટ પહોળા મુગટમાં બે પોપટની આકૃતિ બનાવાઈ છે. જેમાં હેન્ડ પેઈન્ટેડ મીણા કારીગરી કરાઈ છે. એટલું જ

(અનું.આઠમાં પાને)

# અંધશ્રધ્ધા અણુબોમ્બ કરતા પણ વધુ ખતરનાક: જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી

## વિજ્ઞાન જાથાનો ૩૨માં વર્ષે કાળી ચૌદશનો કાર્યક્રમ સફળતાથી સંપન્ન: વડ વાજડીમાં ચાર ચોકમાં વડા મુકવાની પ્રથાને તિલાંજલિ

**અબતક, રાજકોટ**

દેશભરમાં કાળીચૌદશની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સદીઓ જુની માન્યતા, પરંપરા, કુરિવાજો, અંધશ્રદ્ધાનું સ્મશાનમાં ખંડન કરી લોકોએ વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા હતા. રાજ્યના ૧૦૧૦ નાના-મોટા નગરોમાં સ્મશાનમાં મેલીવિદ્યાનો નાશ, કકડાટના વડા આરોગવા, ભૂત-પ્રેતનું સરઘસ, ચાર ચોકમાં અનાજ મુકવાની પ્રથાને તિલાંજલિ આપવામાં આવી હતી. લોધિકાના વડ-વાજડી સ્મશાનમાં અનેકવિધ જાગૃતિ કાર્યક્રમોથી ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ સંપન્ન કર્યો હતો.





જાથાનો ૩૨મા વર્ષનો જાગૃતિ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ કરી મેલીવિદ્યાની નનામીને કાંધ આપી પોતાના વિચારોમાં જણાવ્યું કે અંધશ્રદ્ધા અણુબોમ્બ કરતાં ખતરનાક છે. દેશની પ્રગતિનો આધાર વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ છે. ૨૧મી સદીમાં અંધશ્રદ્ધા, કુરિવાજો, ગેરપરંપરા, અંધમાન્યતાને જાકારો આપી દિપાવલી પર્વ સામુહિક મનાવીએ. મશાલ સરઘસ, કકડાટના વડા આરોગવા સહિત આયોજનોમાં ભાગ લીધો હતો. વડ-વાજડી ગામને શુભેચ્છા પાઠવી હતી.

જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું કે ૩૨ મા વર્ષે દેશભરમાં કાળીચૌદશની ઉજવણીમાં લોકો સ્મશાનમાં સ્વયં હાજરી આપી જાગૃતિના દર્શન કરાવ્યા હતા. રાજ્યના ૧૦૧૦ નગરોમાં અનેકવિધ આયોજનો કરી સફળતાથી સંપન્ન કર્યો હતો. સ્મશાનમાં મેલીવિદ્યાનો નાશ, ભૂત-પ્રેતનું સરઘસ, કકડાટના વડા આરોગવા, અંધમાન્યતા, પરંપરા, અદ્રશ્ય શક્તિ, આસુરી શક્તિ, ખૌફનાક વાતોનું ખંડન કરવામાં આવ્યું હતું.

વડ-વાજડીના સરપંચ મહેન્દ્રસિંહ ડાભી, વનરાજસિંહ ડાભી, અભેસીંગ ખેરડીયા, પ્રભાત ડાંગર, વિરડા-વાજડીના દિનેશ હુંબલ, બાલસરના નિર્મળ મેત્રાએ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં સ્મશાનમાં ચા-નાસ્તો, કકડાટના વડા એકઠા કરવા, મશાલ સરઘસ, ભૂત-પ્રેતનો પહેરવેશથી ખંડન વિગેરેમાં નેતૃત્વ કરી ભાગ લીધો હતો. સ્મશાનમાં દિપાવલી પર્વની જેમ કાળીચૌદશની ઉજવણી કરવામાં આવી હતી. પાણી-અનાજનો બગાડ એકપણ પરિવારે કર્યો ન હતો.

કાર્યક્રમને સફળ બનાવવા ગામના સરપંચ મહેન્દ્રસિંહ માધુજી ડાભી, અભેસિંગ જીલુજી ખેરડીયા, ગ્રામ પંચાયતના સદસ્યો, લોકસહકારથી સ્મશાનમાં કાળીચૌદશની ઉજવણીમાં ભાગ લીધો હતો. મશાલ અને ભૂત-પ્રેતના સરઘસમાં ગામના સરપંચ મહેન્દ્રસિંહ ડાભી, અભેસિંગ ખેરડીયા, વનરાજસિંહ ડાભી, પ્રવિણસિંહ ખેરડીયા, અનિરૂધ્ધસિંહ ડાભી અને ગામના મહિલા મંડળના સદસ્યોએ ભાગ લીધો હતો.

(અનું.આઠમાં પાને)

# શેરબજારમાં તેજીની આતશબાજી: સેન્સેક્સ ૮૪૬૫૬એ પહોંચ્યો

## સેન્સેક્સ ૮૪૬૫૬ અને નિફટી ૨૫૯૨૬ પોઈન્ટની પર સપ્તાહની સર્વોચ્ચ સપાટીએ રોકાણકારોમાં હરખના ઘોડાપુર

**અબતક, રાજકોટ**

ભારતીય શેરબજારમાં છેલ્લા ઘણા દિવસોથી ચાલી આવતી તેજી આજે દિવાળીના તહેવારના દિવસે પણ યથાવત રહેવા પામી હતી. આજે સેન્સેકસ અને નિફટી એ બાવન સપ્તાહની નવી સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. રોકાણકારોના હૈયે હરખના ઘોડાપુર જોવા મળી રહ્યા છે. ઓતરફ રાજીપો દેખાય રહ્યો છે.

આજે ઉઘડતી બજારે ભારતીય શેરબજારમાં તેજીની જબ્બરદસ્ત આતશબાજી જોવા મળી હતી. સેન્સેકસે ઈન્દ્રાડેમાં ૮૪ હજારની સપાટી કુદાવી હતી. આજે સેન્સેકરો ૮૪૬૫૬.૫૬ ની બાવન સપ્તાહની નવી સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. જયારે દિવસ દરમિયાન નીચલી સપાટી ૮૪૨૩૯.૭૦ રહેવા પામી હતી. નીફટીએ પણ આજે ૨૫૯૨૬.૨૦ પોઈન્ટની સપાટી મેળવી હતી. જે છેલ્લા એક વર્ષની સર્વોચ્ચ સપાટી છે. નીચલી સપાટી ૨૫૭૮૮.૫૦ રહેવા પામી હતી. બેન્ક નિફટીમાં ૩૪૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. જયારે નીફટી મીડકેપ ૧૦૦ માં પણ ૩૪૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો.

આજે તેજીમા ફેડરલ બેન્ક, આરબીએલ બેન્ક, એવુ સ્મલો ફાઈનાન્સ રિલાયન્સ, એચડીએફસી બેન્ક, વોડાફોન, આઈડીયા, યશ બેન્ક સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જયારે જેએસ ડબલ્યુ, હિન્દ ઝીંન્ક, દાલમીયા, ભારત આઈસીઆઈસીઆઈ બેન્ક તેજસ નેટ વર્કસ, જીંદાલ સો સહિતની કંપનીઓના ભાવો તુટયા હતા.

બુલિયન બજારમાં આજે મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. આજે સોનાના ભાવમાં એક હજાર રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો હતો જયારે ચાંદીના ભાવ ૩૦૦ રૂપિયા તુટયા હતા. અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો વધુ મજબુત બન્યો છે. મંગળવારે અને બુધવારે શેરબજારમાં રજા છે. પરંતુ આવતીકાલે બપોરે ૧ કલાકે દિવાળીના મુહુર્તના સોદા માટે બજાર ખુલશે.

અ ા લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૪ ૬ ૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૪૪૧૫ અને નિફટી ૧૫૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૮૬૫ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યો છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૮ પૈસાની મજબુતી સાથે ૮૭.૯૦ પર ટ્રેડ કરી રહ્યો છે.



# રાજકોટ નજીક ડમ્પરે બાઈકને ફંગોળતા જૂનાગઢના યુવકનું મોત

## દિવાળીએ મિત્ર સાથે વતન જઈ રહ્યો હતો ત્યારે કોરાટ ચોકડી પાસે અકસ્માત સર્જાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતો અને મૂળ જુનાગઢના વતની યુવક દિવાળી માળવા મિત્ર સાથે વતન જઈ રહ્યો હોય ત્યારે કોરાટ ચોકડી પાસે ડમ્પરે બંને યુવકને બાઈક સહિત ફંગોળીયા હતા.ત્યારે ઈજાગ્રસ્ત બંને યુવકને સિવિલ હોસ્પિટલમાં ખસેડતા અહીં ૨૫ વર્ષીય યુવકની મોત નિપજ્યું હતું. આ અંગેની વિગતો મુજબ, વાવડી અવકાશ સીટી સોસાયટીમાં રહેતો ૨૫ વર્ષીય વિનોદભાઈ પ્રવીણભાઈ વાળા અને તેનો મિત્ર દિવાળીના તહેવારની ઉજવણી કરવા બાઈક પર જુનાગઢ વતનમાં જઈ રહ્યા હતા. સવારે ૧૦ વાગ્યા આસપાસ બંને કોરાટ ચોકડી પાસે પહોંચતા પાછળથી પુરપાટ ઝડપે ધસી આવેલા એક ડમ્પર ચાલકે બંને યુવકોને બાઈક સહિત ઢોકરે લીધા હતા. આ અકસ્માતમાં વિનોદ અને નિકુંજને માથે શરીર ગંભીર ઈજા પહોંચી હોય જેથી રાહદારીઓએ તેઓને ૧૦૮ માં સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. અહીં ઈમરજન્સી વિભાગના તબીબે વિનોદને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતા શાપર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક વિનોદના મોટાભાઈ કરણના જણાવ્યા મુજબ, ઘરેથી નીકળના ૧૦ મિનિટમાં જ આ અકસ્માત સર્જાયો હતો.ઘટના સ્થળ પર હાજર કેટલાક લોકોના જણાવ્યા મુજબ ડમ્પર ચાલકે પાછળથી બાઈકને ઠોકર લીધું હતું. મૃતક ચાર ભાઈમાં ત્રીજો નંબરે અને જીએનટેક કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો.યુવાન પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.


અબતક સાંધ્ય દૈનિકને જન્મદિનની હાર્દિક શુભકામના



અશોકભાઈ ડાંગર
જન કલ્યાણ ટ્રસ્ટ
શ્રી ચામુંડા ક્રેડિટ કો.ઓ.સો.લી. રાજકોટ



દિવાળીની હાર્દિક શુભેચ્છા
સહ નૂતન વર્ષાભિનંદન



દિપકભાઈ એન. સુવા
(પિઠળ કૃપા ગ્રુપ)
નગર સેવક વોર્ડ નં. ૬
ઉપલેટા નગર સેવા સદન
રેસી. 'પીઠળ કૃપા' મ્યુનિસિપલ કોલેજ પાછળ, અર્જુન નગર, ઉપલેટા



GUJARAT GAS

તહેવારોની ખુશીઓમાં ન થાવ બેધ્યાન, સુરક્ષા અને સલામતીનું રાખો ધ્યાન!

ગેસ પાઇપલાઇનને સલામત રાખવા અને અકસ્માત નિવારવા માટેનાં સૂચનો :

- ગેસ પાઇપલાઇનની પાસે ફટાકડા ફોડશો નહિ.
- RCC ગાર્ડમાં ફટાકડા કે સળગે તેવા પદાર્થો નાખશો નહિ.
- ફટાકડા ફોડ્યા બાદ ગેસ પાઇપલાઇન પાસે કચરો સળગાવશો નહિ.
- ધ્વનિ પ્રદૂષણ નિવારવા બને ત્યાં સુધી મોટા અવાજવાળા ફટાકડા ફોડશો નહિ.
- ફટાકડા બને તેટલા ઓછા ફોડીને વાતાવરણને પ્રદૂષિત થતું અટકાવો.



ગેસની ગંધ જણાય કે પાઇપલાઇન પર આગ લાગે તો સલામત સ્થળે ખસી જાવ અને તરત નીચે દર્શાવેલા ગુજરાત ગેસના ઈમર્જન્સી ફોન નંબર પર સંપર્ક કરો :

રાજકોટ : ૯૦૯૯૨૨૨૯૨૨ | ૦૨૮૧-૨૭૦૫૫૫૦

મોરબી : ૯૯૨૫૨૩૭૫૩૫, ૭૦૪૬૦૭૦૫૫૫ | જામનગર : ૯૭૨૭૮૨૫૫૫૫

અગત્યની સૂચના : ગુજરાત ગેસ લિમિટેડના નામ પર કોઈપણ વ્યક્તિ સાથે રોકડ વ્યવહાર કરવો નહીં

'સુખમય, મંગલમય અને સુરક્ષિત દિવાળીની શુભેચ્છાઓ'



દિવાળીની હાર્દિક શુભેચ્છા
સહ નૂતન વર્ષાભિનંદન



લાલજીભાઈ રાઠોડ
પ્રમુખશ્રી
માનવ સેવા ટ્રસ્ટ
અન્નક્ષેત્ર - ઉપલેટા

જુની અને જાણીતી છેલ્લા 30 વર્ષ થયા
વિવિધ સેવા કરતી એકમાત્ર સંસ્થા

કાર્યાલય : સરદાર પટેલ રોડ, કોટેજ હોસ્પિટલ પાસે, ઉપલેટા



ESTD : 1953

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

દિપાવલી પર્વ તથા નુતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

નવું વર્ષ આપના પરિવાર માટે સુખ, શાંતિ અને સમૃધ્ધિ થી મહેકતું રહે એવી ગાંધીધામ ચેમ્બર દ્વારા અંત:કરણપૂર્વકની શુભેચ્છાઓ સાથે.... નુતન વર્ષાભિનંદન

નુતન વર્ષ સ્નેહ મિલન નિમંત્રણ

નુતન વર્ષને આવકારવા **મંગળવાર, તા. ૨૧-૧૦-૨૦૨૫ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા** સુધી તમામ વ્યાપારી વર્ગનું **"નુતન વર્ષ-સ્નેહ મિલન"** "ચેમ્બર ભવન" મધ્યે યોજવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ચેમ્બરના તેમજ ચેમ્બર સાથે સંલગ્ન એસોસીએશનોના તમામ સભ્યો તથા આ સંકુલના વ્યાપાર ઉધોગ સાથે સંકળાયેલા તમામ વ્યાપારી મિત્રોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મહેશ પુજ<br>પ્રમુખ | દીપક પારેખ<br>ઉપપ્રમુખ | તેજા કાનગડ<br>પૂર્વ પ્રમુખ | મહેશ તીર્થાણી<br>માનદ મંત્રી | જતીન અગ્રવાલ<br>માનદ સહમંત્રી | નરેન્દ્ર રામાણી<br>ખજાનચી |

કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, સર્વ સભ્યો અને કર્મચારીગણ



શુભ દિપાવલી સહ નૂતન વર્ષાભિનંદન

જામનગર મહાનગરપાલિકા
જનસંપર્ક શાખા જયુબિલી ગાર્ડન, લાલ બંગલો, જામનગર

(૧) શહેરની જાહેર મિલકતો આપણી સૌની છે, તેની જાળવણી કરીએ.
(૨) રણમલ તળાવમાં કચરો ન નાખીએ તેમાં મહેમાન બનતા પક્ષીઓની મોટી સેવા છે.
(૩) પ્લાસ્ટિક પર્યાવરણનો મોટી દુશ્મન છે તેનાથી દુર રહીએ દિન-બ-દિન વપરાશ ઘટાડીએ.
(૪) જામનગર મહાનગરપાલિકા વેબસાઈટ www.mclamnagar.com ઉપર ઓનલાઈન વેરો ભરી ઓનલાઈન પેમેન્ટમાં ૨% ડિસ્કાઉન્ટઅને વધુમાં વધુ રૂ.૨૫૦/- નો લાભ મેળવો વેરા/ચાર્જીસ ભરપાઈ કરવાના સ્થળ મહાનગરપાલિકા મેઈન ઓફીસ,સિવિક સેન્ટરો, આઈડીબીઆઈ બેંક, એચ.ડી.એફ.સી. બેંક,ધી-નવાનગર કો.ઓપ.બેંક તથા કોટક મહિન્દ્ર બેંક ની શહેરની તમામ શાખાઓમાં સુવિધા તથા ડેબીટ કાર્ડ ક્રેડીટ કાર્ડ,યુ.પી.આઈ.QR CODE સ્કેન કરી E-WALLETS દ્વારા PAYZAPP.BHIM.PAYTM.PHONE PE,MOBIKWIK વિગેરેથી ઓનલાઈન ભરપાઈ કરી સમયની બચત કરો.
(૫) મહા-નગરપાલિકા મોબાઈલ એપ્લીકેશન JMC CONNECT ડાઉનલોડ કરો અને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરો.
(૬) મોબાઈલ નંબર રજીસ્ટ્રેશન કરાવી મિલકત વેરા ના બીલ તથા અન્ય સ્કીમ ની SMS દ્વારા જાણકારી મેળવો.
(૭) ઓનલાઈન સેવાઓ..મિલકત વેરો, વોટર ચાર્જ,વ્યવસાય વેરા,શોપ લાયસન્સ,ફૂડ લાયસન્સ, કારખાના લાયસન્સ,જન્મ-મરણ પ્રમાણપત્ર અને ફરિયાદ નોંધણી.
(૮) આપના ઘરની સાથે સાથે ગલી, મહોલ્લો શહેર ને સાફ રાખી સ્વચ્છતાગૃહી બની રોગચાળાને ભગાડીએ ભીનો તથા સુકો કચરો અલગ રાખી કલેકશન વેન ને આપવાનો આગ્રહ રાખવો.
(૯) પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી રાષ્ટ્રીય સંપતિ નો બચાવ કરીએ જળ એ જીવન છે.
(૧૦) દિનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબ કુટુંબના સ્વ.સહાય જુથો બનાવી તેઓને સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ રોજગારીની તકો પૂરી પાડીએ
(૧૧) આપના વાહનો નિયત કરેલ પાર્કિંગમાં જ રાખીએ અને ટ્રાફિકના પ્રશ્નોથી બચીએ.
(૧૨) આપના નવા બનાવવાના થતા મકાનો, બાંધકામોનો નિયમોનુસારની મંજુરી મેળવવાનો આગ્રહ રાખીએ અને નિયમોનુસાર બાંધકામ કરીએ.
(૧૩) માન. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ લેવો.
(૧૪) આધારકાર્ડ નોંધણી ફરજીયાત હોઈ,જન્મ થી તમામ ઉંમરના લોકોએ આધાર નંબર મેળવવો ફરજીયાત છે.
(૧૫) ઈ-શ્રમ કાર્ડ હેઠળ અકસ્માતથી મૃત્યુ થાય તો રૂ. બે લાખનો વીમો તેમજ અપંગતાના કિસ્સામાં રૂ.એક લાખ મળવાપાત્ર છે જેનો લાભલઈએ.
(૧૬) પી.એમ.સ્વનીધી યોજના હેઠળ રૂ.દશ હજાર થી રૂ. પચાસ હજાર સુધીની લોન સહાય જેમાં ૭% સુધીની સબસિડી સાથે સરળ હપ્તેથી શહેરી ફેરિયાઓ માટે લોન સહાય યોજનાનો લાભ લઈએ.
(૧૭) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ૧૮ પ્રકારના કારીગરોને લોન સહાય ૫% સુધીની સબસિડી સાથે આપવાની યોજના જે નજીકના CSC/E-GRAM સેન્ટર પર અથવા સેલ્ફ રજીસ્ટ્રેશન www.penvishwakarma.gov.in પર કરી શકાશે
(૧૮) આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના AB-PMJAY-MA અંતર્ગત ગુજરાત રાજયમાં રૂ.૧૦ લાખ તથા અન્ય રાજ્યમાં રૂ.૫ લાખની તબીબી સહાય મળવાપાત્ર છે.જે જામનગરના તમામ ૧૨ આરોગ્ય કેન્દ્ર પરથી કાર્ડની નોંધણી અને ૧૩ ખાનગી હોસ્પિટલોમાં કાર્ડની નોંધણી અને સારવાર મળે છે.benificiary.nha.gov.in પરથી NFSA લાભાથી જાતે બનાવી શકે છે.
(૧૯) આયુષ્માન ભારત ડીજીટલ મિશન ABDM અંતર્ગત 'આભાકાર્ડ' ઈસ્યુ થાય છે જે કાર્ડધારકોનો તમામ હેલ્થ રેકોર્ડ ઓનલાઈન સાચવે છે. જે abdm.gov.in પરથી સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકાય છે.

| | | | |
|---|---|---|---|
| ડી.એન મોદી (IAS)<br>કમિશનર | નિલેશભાઈ બી. કગથરા<br>ચેરમેન સ્ટે કમિટી | ક્રિષ્નાબેન સોઢા<br>ડે. મેયર | વિનોદભાઈ ખીમસૂર્યા<br>મેયર |



સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શૂભેચ્છાઓ

એક શુભેચ્છક


## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
(મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **ડોબરીયા મધુબેન મનસુખભાઈ** ને **તા.૨૮/૦૪/૨૦૨૫** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૪,૩૬,૫૮૮=૩૦ (અંકે રૂપીયા ચાર લાખ છત્રીસ હજાર પાંચસો અઠયાસી અને ત્રીસ પૈસા પુરા) + તા.૦૧/૦૪/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૨૩/૦૯/૨૦૨૫** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશનરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૧૮/૧૦/૨૦૨૫** નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૩૦/૦૯/૨૦૨૫** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૪,૩૨,૪૪૬=૩૦ (અંકે રૂપીયા ચાર લાખ બત્રીસ હજાર ચારસો છેતાલીસ અને ત્રીસ પૈસા પૂરા) + તા.૦૧/૧૦/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલ્કત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ લોધિકાના ગામના રાવકીના રી–સર્વે થતા પ્રમોલગેશન મુજબના રેવન્યુ સર્વે નં. ૬૦૫ પૈકી જેના (જુના રેવન્યુ સર્વે નં. ૧૫૧ પૈકી ૩) ની જમીન ચો.મી.આ. ૮૦૯૪–૦૦ ના બહુહેતુક માટે બીનખેડવાણ અને જનરલ ઉદ્યોગના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા લે–આઉટ પ્લાનની જમીન ઉપર આવેલ "જે.ડી. ઈન્ડસ્ટ્રીયલ એરીયા–૧" તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭ ની જમીન ચો.મી. ૪૦૬–૨૪ જેના જમીન ચો.વા.આ. ૪૮૫–૮૬ જેના સબ–પ્લોટ નં. ૭/૨ ની જમીન ચો.મી.આ. ૧૭૩–૬૨ બરાબર ચો.વા.આ. ૨૦૭–૬૫ ઉપર આવેલ ઈન્ડસ્ટ્રીયલ શેડ છે. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુંક્રમ નં. ૧૫૩૦ તા.૨૩/૦૨/૨૦૨૩ થી મધુબેન મનસુખભાઈ ડોબરીયા અને નિરવ મનસુખલાલ ડોબરીયાના નામે છે તે મિલ્કત.

**ચતુર્દીશા :** ઉત્તરે :– રે.સ. નં. ૫૯૬ (ખરાબો) આવેલ છે, તે તરફ ત્રાસ આવેલ છે.
દક્ષિણે :– સબ પ્લોટ નં. ૭/૧ આવેલ છે, તે તરફ માપ મીટર ૧૫–૦૫ આવેલ છે.
પુર્વે :– ૯–૦૦ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે, તે તરફ માપ મીટર ૨૩–૦૭ આવેલ છે.
પશ્ચિમે :– રે.સ. નં. ૫૯૬ (ખરાબો) આવેલ છે, તે તરફ માપ મીટર ૨૭–૫૪ આવેલ છે.

**મિલકતનુ સરનામુ :– સબ પ્લોટ નં.–૭/૨, જે.ડી. ઈન્ડસ્ટ્રીયલ એરીયા–૧, સોરઠીયાવાડી ફાઉન્ડ્રી અને પટેલ ઈન્ડસ્ટ્રીઝ પાસે, મવડી મેઈન રોડ, રાવકી, તા. : લોધિકા, રાજકોટ–૩૬૦૦૨૧.**

તા. ૧૮/૧૦/૨૦૨૫
રાજકોટ.

અધિકૃત અધિકારી,
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ

તંત્રી લેખ

# ચાલો અંધકારને ઉલેચી પ્રકાશના દીવડા પ્રજ્જવલિત કરીએ

દિવાળીનો તહેવાર અંધકાર પર પ્રકાશ, અન્યાય પર ન્યાય અને નકારાત્મકતા પર સકારાત્મકતાના વિજયનું પાવનકારી પ્રતિક છે.

દિવાળીનો તહેવાર આપણને એ સંદેશ આપે છે કે જ્યારે આપણે પોતાના અંતઃકરણમાં સત્ય, સદાચાર અને આત્મબળનો દીપ પ્રજ્વલિત કરીએ છીએ, ત્યારે આપણા જીવનમાં આશા, સમૃદ્ધિ અને શાંતિનો પ્રકાશ ફેલાય છે.

આ પાવન અવસરે ભારતને ફરી સોનાની ચિડિયા બનાવવા માટે સ્વદેશી ચીજ વસ્તુઓ અપનાવવાનો સંકલ્પ લેવો જોઈએ અને તેનું મક્કમપણે પાલન કરવું જોઈએ.આપણા દેશમાં નિર્મિત વસ્તુઓનો ઉપયોગ કરવી જોઈએ .આપણા દેશના કારીગરો, ખેડુતો અને ઉદ્યોગકારોને સશક્ત બનાવવા જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને પણ સાકાર કરવામાં સહભાગી થવું જોઈએ. ભારતની સંસ્કૃતિ 'વસુધૈવ કુટુંબકમ્'ના આદર્શો પર આધારિત રહી છે, એટલે કે સમગ્ર માનવજાત એક પરિવાર છે. આ જ ભાવનાથી પ્રેરિત થઈને આપણે પર્યાવરણનું સંરક્ષણ, પ્રાકૃતિક સંસાધનોનું સમ્માન અને પ્રાકૃતિક ખેતી જેવા ટકાઉ જીવનમૂલ્યોનો સ્વીકાર કરીને એક ઉજ્જવળ, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ભાગીદાર બનવા માટે સતત પ્રયાસો કરવા જોઈએ.દિપાવલીનું પર્વ સૌના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિનો પ્રકાશ ફેલાવે તેવો પ્રયાસ કરતો રહેવો જોઈએ.દિવાળીને પ્રકાશનું પર્વ એટલા માટે પણ કહેવામાં આવે છે કે જીવનમાં એક નવા જ ઉત્સાહનું નિર્માણ થાય છે.

# વોર્ડ નં.૯માં રઘુવીર યુવા સેના દ્વારા જલારામ જયંતિની કરાશે ઉજવણી

## મહાઆરતી અને મહાપ્રસાદનું ધર્મભીનુ આયોજન

**અબતક, રાજકોટ**

જ્યાં મંદિરમાં પૈસા ધરવાની મનાઈ અને પ્રસાદ લીધા વિના જવાની પણ મનાઈ છે એવા વિશ્વના એકમાત્ર વીરપુર (જેતપુર) સંત શિરોમણી પરમ પૂજ્ય જલારામ બાપાની ૨૯ ઓક્ટોબરે ૨૨૬મી જન્મ જયંતી નિમિત્તે ઠેર ઠેર ભોજન પ્રસાદ, અન્નકૂટના આયોજન થાય છે. વોર્ડ નંબર-૯માં છેલ્લા ૨૦ વર્ષથી જલારામ જયંતિ નિમિત્તે આયોજન કરતા શ્રી રઘુવીર યુવા સેના દ્વારા આ વર્ષે પણ ભવ્ય ઉજવણીનું આયોજન કરાયું છે.

''દેને કો ટુકડા ભલા લેને કો હરીનામ''ના જીવન મંત્રને જેમણે સાર્થક કર્યો તેવા પૂ.જલારામ બાપા પર અતૂટ શ્રધ્ધા ધરાવતા રઘુવીર યુવા સેનાના સ્વ. હરેશભાઈ લાખાણીએ વોર્ડ નં-૯ માં જલારામ જયંતિની ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. સેવાની આ જ્યોત ઝળહળતી રાખીને આ વર્ષે પણ જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતી નિમિત્તે રૈયા રોડ, સાધુવાસવાણી રોડ પર પ્રમુખ સ્વામી ઓડિટોરિયમની બાજુના ગ્રાઉન્ડ (આલાપ ગ્રીન સિટી સામે) ૨૯ ઓક્ટબરે સાંજે રઘુવંશી અગ્રણીઓ શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, ગીરીશભાઈ લાલ, રાજુભાઈ જટણીયા, નૈનેશભાઈ દાવડા, કિશોરભાઈ જશાણી, કનુભાઈ હિંડોચા, કમલેશ લાલ, હિરેનભાઈ તન્ના, સાગરભાઈ તન્ના, નીરવભાઈ પાંવ, પીન્ટુભાઈ કટારીયા, મહેશભાઈ કટારીયા, રાજેશભાઈ ઠકરાર, રવિભાઈ રાયચુરા, બીપીનભાઈ અનડકટ, મિલનભાઈ કોટક, પ્રવીણભાઈ તન્ના, પરેશભાઈ સોમૈયા (પરિશ્રમ) સહિતના રઘુવંશી અગ્રણીઓની ઉપસ્થિતિમાં મહાઆરતી, અન્નકૂટ તથા મહાપ્રસાદનું આયોજન છે.




આ આયોજનને સફળ બનાવવા બલરામભાઈ કારીયા, રાજુભાઈ તન્ના, મનોજભાઈ ખાખરીયા, પ્રતિકભાઈ જટણીયા, નટુભાઈ હિંડોચા, અશોકભાઈ લાખાણી, કિરણભાઈ કક્કડ, સાવનભાઈ કટારીયા, જયેશભાઈ પોપટ, વિપુલભાઈ કારીયા, યોગેશભાઈ સેજપાલ, હિમાંશુ લાલ, હિરેનભાઈ કારીયા, કશ્યપભાઈ તન્ના, આકાશભાઈ ઠકરાર, ક્રિશીભાઈ તન્ના, હરીભાઈ સોમૈયા, રવીભાઈ પોપટ, અનિરૂદ્ધ સોમૈયા, આદિત્યભાઈ સેજપાલ, મેહુલભાઈ તન્ના, અતુલભાઈ ગોકાણી, પરેશભાઈ ગોકાણી, આશિષકુમાર, રાજુભાઈ ખંધેડિયા, આશિષભાઈ ખાખરીયા, સતીશભાઈ તન્ના, અતુલભાઈ પાબારી, વિશાલ હિડોયા, યશભાઈ રાયચુરા, રાજુભાઈ રાયચુરા, હિતેશભાઈ સોમૈયા, મયુરભાઈ સોમૈયા વગેરે હેમત ઉઠાવી રહ્યા છે.

# મેનોપોઝઃ સ્ત્રી જીવનનો નવો અધ્યાયઃ જાણકારી, સંભાળ અને તૈયારી સાથે સરળ બની શકે છે સફર

**રજો નિવૃત્તિ પછી હોટ ફ્લેશ, વજન વધારો, હાડકા નબળાઈ, માનસિક તકલીફો અને યોનિ-મુત્ર સંબંધિત સમસ્યાઓથી તકલીફ, પરંતુ યોગ્ય ખોરાક, કસરત અને હોર્મોન થેરાપીથી સ્ત્રીઓનો આરોગ્ય અને જીવનની ગુણવત્તા જાળવી શકાય**

**અબતકલ રાજકોટ**

સ્ત્રીઓમાં દર મહિને આવતો માસિક સ્ત્રાવ એક વર્ષ સુધી બંધ રહે તેને મેનોપોઝ કહે છે. ભારતીય સ્ત્રીઓમાં ૪૮ થી ૫૨ વર્ષની વચ્ચે રજો નિવૃત્તિ સામાન્ય છે.



સામાન્ય મેનોપોઝએ કુદરતી રીતે થાય અને સામાન્ય તકલીફોમાં માસિક થોડું અનિયમિત થવું નોર્મલ ગણાય. ગાયનેકોલોજિસ્ટની સલાહથી જરૂરી માર્ગદર્શન મેળવી શકાય છે.બીજું અસામાન્ય મેનોપોઝ ૪૦ વર્ષની ઉંમરથી વહેલું મેનોપોઝ પ્રિમેચર મેનોપોઝ કહેવાય, જ્યારે ઓપરેશનથી અંડાશય કાઢવામાં આવે તો તેને સર્જીકલ મેનોપોઝ કહેવામાં આવે છે. આ કિસ્સામાં હોર્મોન થેરાપી (MHT) જરૂરી બની શકે છે.મેનોપોઝની શરૂઆતમાં જાગૃતિ અને તૈયારી મહત્વપૂર્ણ છે. યોગ્ય ખોરાક, કસરત, હોર્મોન થેરાપી અને નિયમિત આરોગ્ય તપાસ દ્વારા સ્ત્રીઓ ઓછામાં ઓછી તકલીફ સાથે સ્વસ્થ અને ગુણવત્તાયુક્ત જીવન જીવવા સમર્થ થાય છે.

## મેનોપોઝની મુખ્ય સમસ્યાઓ

**૧. હોટ ફ્લેશ (ગરમી-ઠંડીના ઉકળાટા):** ........
અચાનક ગરમી લાગવી, પરસેવો થવો, ખાસ કરીને રાત્રે ઊંઘ પર અસર. હોર્મોન થેરાપી, ઊંઘની દવાઓ, સોયાબીન, કાચા ચણા, મસૂર, શાકભાજી ઉપયોગી. ટીખો ખોરાક, કેફીન, આલ્કોહોલ અને સ્મોકિંગ ટાળો.

**૨. વજનનો વધારોઃ** ........
એસ્ટ્રોજન ઘટવાથી ચરબી પેટ અને સાથળ પર જમા થાય છે. ડાયાબિટીસ, હાર્ટ એટેક અને કેન્સર જોખમ વધે છે. નિયમિત કસરત અને વેઈટ લોસ મદદરૂપ.

**૩. જનન અવયવોની શુષ્કતા અને સેકયુઅલ પ્રોબ્લેમઃ** ........
યોનિ લુબ્રિકેશન ઓછી, શારીરિક સંબંધમાં અસ્વસ્થતા, હોર્મોન થેરાપી અને લોશન ઉપયોગી.

**૪. વારંવાર ઈન્ફેકશનઃ** ........
યોનિ માર્ગ, મૂત્રમાર્ગ અને બહારની ચામડી શુષ્ક, ઈન્ફેક્શનની સમસ્યા વધે. લોકલ ઈસ્ટ્રોજન વાળી ટ્યુબથી રાહત મળે.

**૫. હાડકાની ઘનતા અને સ્નાયુઓની નબળાઈઃ** ........
ઓસ્ટોપોરોસિસ અને શેરલોફેનિયા થવા કે હાડકામાં ફેક્ચર થવાની શક્યતા. કેલ્શિયમ યુક્ત ખોરાક, વિટામિન ડ, વેઈટ લિફ્ટિંગ અને જરૂર પડે ત્યારે હોર્મોન થેરાપી જરૂરી.

**૬. રોગપ્રતિકારક શકિત ઓછી થવીઃ** ........
ન્યુમોનિયા, કોવિડ, HPV જેવા રોગો સામે રોગપ્રતિકારક શક્તિ ઘટે. રસીકરણ અને નિયમિત ડોક્ટર ચેકઅપ મદદરૂપ.

**૭. આંખ અને દાંતની સમસ્યાઓઃ** ........
આંખના કોરાપણું, ઝામર, મોઢા અને પેઢાના રોગો માટે ઓક્યુલિસ્ટ અને ડેન્ટિસ્ટની સલાહ જરૂરી.

# સરગમ પરિવારના તમામ મેમ્બર માટે સ્નેહમિલન યોજાશે

**અબતક, રાજકોટ**

રાજકોટની સરગમ કલબના મેમ્બર લેડીઝ કલબ, સિનિયર સીટીઝન કલબ, ઈવનીંગ પોસ્ટ, કપલ કલબ અને જેન્ટ્સ કલબના તમામ મેમ્બર માટે ૨૨/૧૦/૨૦૨૫ને બુધવારના સ્નેહમિલન રોજ સાંજે ૬:૦૦ થી ૭:૦૦ સુધી ઈવનીંગ પોસ્ટ, ચૌધરી હાઈસ્કૂલથી જ્યુબેલી તરફ જતાં, સીનીયર સીટીઝન પાર્ક, આરડીસી બેંકની બાજુમાં યોજાશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા મૌલેશભાઈ પટેલ, ડો.ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો.માલાબેન કુંડલિયા, ગીતાબેન હિરાણી, અલ્કાબેન કામદાર, મીતેનભાઈ મહેતા, નાથાભાઈ કાલરીયા વગેરે સરગમ કલબના હોદ્દેદારોએ સમયસર સ્નેહમિલનમાં હાજરી આપવા અનુરોધ કર્યો છે.

# કબીર મંદિર દ્વારા રવિવારથી એકોતરી આનંદ આરતી મહાયજ્ઞ મહોત્સવ

**'અબતક' મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી**

**અબતક, રાજકોટ**

રાજકોટમાં કબીર મંદિર ખત્રીવાડ યોજીત કબીર વાડી, ભગવતીપરા મેઈન રોડ ખાતે દિવ્ય ચેતન મહાપુરૂષોની સ્મૃતિમાં વિશ્વ કલ્યાણ અર્થે એકોતરી આનંદ આરતી મહાયજ્ઞ તથા ત્રિ-દિવસીય બૃહદ સંત સમાગમ ભંડારા મહોત્સવનું તા.૨૬/૧૦ પાંચમથી તા.૨૮/૧૦ સુધી ધામેધુમે વાજતે ગાજતે ભકિતભાવ સભર આયોજન કરવામાં આવેલ છે. 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા મહંત દયાલદાસજી, મીમીક્રી આર્ટીસ્ટ તુલસીદાસ ગોંડલીયા સહિતનાએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં સંતો, મહંતો, અગ્રણીઓ પધારી શોભામાં અભીવૃધ્ધિ તેમજ આર્શીવચન પાઠવશે તથા ભક્તજનો દેશ-વિદેશથી પધારી આ ધર્મોત્સવમાં ભકિતસાગરમાં વાણીરૂપી અમૃતગંગામાં અમૃતપાન કરશે. તા.૨૬/૧૦ શોભાયાત્રા સવા ૯ કલાકે, મહોત્સવનો શુભારંભ ધ્વજારોહણ, દીપ પ્રાગટ્ય,


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

સ્વાગત, આર્શીવચન, ધર્મસભા, સંતવાણી, ૨૭/૧૦ ધર્મસભા, ૯ થી ૧૨ પૂ.સંત કબીર ધર્મ પ્રચાર સંત મંડળ તરફથી પ.પુ. નરસિંગદાસજી સાહેબનું અભિવાદન સ્વાગત, સંતના સ્વાગત તથા આર્શીવચન તેમજ સંત દયાલદાસજી, ગુરૂ નરસિંગદાસજીની મહંતાઈ ચાદર વિધિ, દાતાઓનું સ્વાગત, તા.૨૮/૧૦ એકોતરી આનંદ આરતી પ્રારંભ, આ ધર્મોત્સવમાં નરસંગદાસજી, સંતદાસજી દ્વારા આમંત્રણ પાઠવાયું છે. આ મહોત્સવને સફળ બનાવવા રાજકોટના સુપ્રસિધ્ધ લોકમેળા ફેઈમ, મીમીક્રી આર્ટીસ્ટ તુલસીદાસ ગોંડલીયાની વિવિધ શૈલી દ્વારા કલાનો સદ્ઉપયોગ કરી રહેલ છે. વધુ માહિતી માટે મો.નં.૯૮૨૫૨ ૧૧૧૮૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સહયોગ ફાઉન્ડેશનને આંગણવાડીના બાળકોને ફટાકડા મિઠાઈનો આપ્યો ઉપહાર

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સેવાભાવી સંસ્થા ''સહયોગ ફાઉન્ડેશન'' દ્વારા દિવાળીના મહાપર્વને ધ્યાનમાં રાખીને લક્ષ્મીવાડી - નવયુગપરા આંગણવાડીના બાળકોને ફટાકડા વિતરણ તથા નાસ્તો આપવામાં આવ્યો હતો. આ સદકાર્યમાં વિપુલભાઈ માખેલા, શૈલેષભાઈ હાપલીયા, ભરત ઢોલરીયા, કોર્પોરેટર નિલેશભાઈ જલુ, માણસુરભાઈ વાળા, સંજય વઘાસીયા, હિરેન કાચા, નરેન્દ્ર મકવાણા, ગીરીશ પોપટ, દેવ કાચા .રાજુભાઈ મગવાણીયા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# ઔદિચ્ય મહારાજશ્રી ઘેલારામજી બ્રાહ્મણ સોશ્યલ ગૃપ દ્વારા રવિવારે 'સ્નેહમિલન'

**અબતક, રાજકોટ**

શ્રી ઔદિચ્ય મહારાજશ્રી ઘેલારામજી બ્રાહ્મણ સોશ્યલ ગ્રુપનાં ઉપક્રમે તા.૨૬/૧૦/૨૦૨૫ને રવિવાર સાંજે ૬-૦૦ કલાકે કે.મા.દવે તથા જ.જ.પાઠક સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગ, - રજપુતપરા, રાજકોટ ખાતે સન્માનિત વડીલ વંદનાનો ભવ્યાતિત ભવ્ય કાર્યક્રમનું સુંદર આયોજન કમિટિના સભ્યોએ કરેલ છે. ૬૦ વર્ષની ઉંમરનાં રાજકોટમાં વસતા ઔદિચ્ય મહારાજ ઘેલારામજી બ્રાહ્મણ સોશ્યલ ગ્રુપનાં પરિવારના વડીલ ભાઈઓ તથા બહેનોને સન્માનિત કરવાનો કાર્યક્રમ થનાર છે. આ કાર્યક્રમમાં જ્ઞાતિના તેજસ્વી વિધાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવનાર છે.આ સમારંભમાં અન્ય જ્ઞાતિમાં વિવાહ કરેલ હોય તેવી તમામ બહેન તથા દિકરીઓને સમારંભમાં ભાગ લઈ શકશે. વ્યવસ્થાના ભાગરૂપે ભોજનની વ્યવસ્થાને ધ્યાનમાં લઈને ઉપસ્થિત રહેનાર સભ્યોએ પોતાના પાસ સમયસર મેળવી લેવા જેથી સંસ્થા સભ્યોને અનુકુળતા મુજબ વ્યવસ્થા કરી શકે. આ સમારંભનાં અતિથિ વિશેષ તરીકે રામભાઈ મોકરીયા રાજ્ય સભાના સદસ્ય - રાજકોટ કશ્યપભાઈ શુકલ બ્રહ્મ અગ્રણી તથા મેનેજીંગ ટ્રસ્ટી - બ્રાહ્મણ બોર્ડિંગ, જનાર્દનભાઈ આચાર્ય પૂર્વ પ્રમુખ - શ્રી સમસ્ત બ્રહ્મસમાજ-રાજકોટ જયેશભાઈ ઉપાધ્યાય પ્રમુખ - બોલબાલા ચેરી. ટ્રસ્ટ ચિરાગભાઈ એમ. પંડ્યા ભૂતપૂર્વ સીટી એન્જીનીયર - આર.એમ.સી. રાજકોટ ખાસ ઉપસ્થિત રહેશે.

# શહેરીજનોને દીપાવલી-નૂતન વર્ષના પાવન પર્વની શુભેચ્છાઓ પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ



**અબતક, રાજકોટ**

શહેરીજનોને દિવાળી અને નૂતન વર્ષના પાવન પર્વની શુભેચ્છા ઓ પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ એ જણાવેલ કે દિવાળી એ પ્રકાશની સાથે સુખ સદાચાર અને સમૃદ્ધિનો પણ તહેવાર છે. અંધકાર પર પ્રકાશના વિજયનું આ પર્વ આપણને સકારાત્મકતા, શ્રદ્ધા અને નવી ઊર્જા આપે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિકસિત ગુજરાત તરફની સફરમાં રાજકોટ શહેર સતત આગળ વધી રહ્યું છે. તેમણે દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે.

# મહાત્મા ગાંધી મ્યુઝિયમ બે દિવસ બંધ રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકનુંમહાત્મા ગાંધી મ્યુઝિયમ આજે અને કાલે એમ કુલબે દિવસ દિવાળી પર્વ નિમિત્તે જાહેર જનતા માટે બંધ રહેશે.જેની તમામ જાહેર જનતાએ નોંધ લેવી.

# અંબીકા ટ્રસ્ટ કરણપરા ગરબી ચોક દ્વારા રાહતદરે મીઠાઈ ફરસાણ વિતરણ

**અબતક, રાજકોટ**

અંબિકા ટ્રસ્ટ કરણપરા ગરબી ચોકમાં સમાજના જરુરીયાત વાળા પરિવાર માટે રાહત દરે મીઠાઈ ફરસાણ તા. ૧૭-૧૦ થી ૨૧-૧૦ શુક્રવાર શનિવાર, રવિવાર, સોમવારે કરણપરા ગરબી ચોક, સાંજે ૫ થી ૮ સુધી રૂ. ૧૭૦ માં એક કિલો કિલો પાંચસો ગ્રામ વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે.




# કોર્પોરેશનના ૩૧ આરોગ્ય કેન્દ્ર અને ૪૬ આયુષ્યમાન મંદિર રજાઓમાં પણ ખુલ્લા રહેશે

**અબતક, રાજકોટ**

દિવાળીના તહેવારો નિમિતે રાજકોટ શહેરની જનતાને પ્રાથમિક આરોગ્ય સેદાઓ મળી રહે તેવા ઉમદા આશયથી રાજકોટ મહાનગરપાલિકા, આરોગ્ય શાખા હેઠળના તમામ ૩૧ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ૪૬ આયુષ્યમાન આરોગ્ય મંદિર તા. ૨૦-૧૦ થી ૨૧-૧૦-૨૫ અને ૨૩-૧૦-૨૫ દરમિયાન સવારે ૯ થી ૧ સુધી ખુલ્લુ રહેશે. તા. ૨૨ ને નુતન વર્ષ નીમીતે રજા. તા. ૨૪-૧૦ અને ૨૫-૧૦-૨૫ ના રોજ રાબેતા મુજબ આરોગ્ય સેવાઓ માટે શરૂ રાખવામાં આવશે જેની તમામ જાહેર જનતા નોંધ લેશો.

આ ઉપરાંત તહેવારોને અનુલક્ષીને બે રેપીડ સિસ્પોન્સ ટીમ કાર્યરત રહેશે. તેમ આરોગ્ય સમીતીના ચેરમેન કેતનભાઈ પટેલે જણાવ્યું છે.

# ભાજપ ડોક્ટર સેલ દ્વારા ધન્વંતરીનું પુજન-અર્ચન

**અબતક, રાજકોટ**

આજ રોજ ડોક્ટર સેલ દ્વારા જીલ્લા-મહાનગરના કાર્યાલય ખાતે જીલ્લા પ્રમુખઓ,ચૂંટાયેલા પ્રતિનિધીઓ તેમજ વિવિધ હોદ્દેદારઓએ કાર્યાલય ખાતે ધન્વંતરી જયંતિ નિમિત્તે નાગરીકોના દીર્ઘાયુ માટે ભગવાન ધન્વંતરીની પૂજન-અર્ચના કરી પ્રાર્થના કરી. ભાજપના ગુજરાત પ્રદેશ ડોકટર સેલના સંયોજક ડો.ધર્મેન્દ્રભાઈ ગજ્જર એ જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજી અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગછન મહામંત્રી રત્નાકરજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયના સાડા છ કરોડથી વધારે નાગરિકોના દિર્ઘાયુ માટે ડોકટર સેલ દ્વારા ધન્વંતરી જયંતિ નિમિત્તે ભગવાન ધન્વંતરીના પૂજન-અર્ચનનો કાર્યક્રમ જીલ્લા-મહાનગરોમાં યોજાયો હતો. આ કાર્યક્રમ દરેક જીલ્લા-મહાનગરના કાર્યાલય ખાતે જીલ્લા પ્રમુખે તેમજ વિવિધ હોદ્દેદારઓ, ચૂંટાયેલા પ્રતિનિધીએ પૂજન અર્ચનના કરી હતી.



# વી.વી.પી.માં દિવાળી પર્વે રંગોળી સ્પર્ધા

**ભાવિ એન્જીનિયરોએ કલાનું બતાવ્યું કૌવત**

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી અને સંસ્કૃતિ અને પરંપરા ઉજાગર કરતા વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,

આ સ્પર્ધામાં કુલ ૧૪૨ વિધાર્થીઓએ ઉત્સાહ તેમજ ઉમળકાભેર ભાગલ લીધેલ હતો, જેમાં કુલ ૭૪ રંગોળી બનાવેલ અને વિજેતા વિધાર્થીનીઓને ઈનામ આપવામાં આવેલ હતા.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકેઃ ચાર્મી ખાસિયા લીઝા ભાલોડી(ત્રીજુ સેમ. કોમ્પ્યુટર) દ્વિતીય ક્રમાંકે દિવ્યતા મકવાણા, બંસી ધોરીયાણી (ત્રીજુ સેમ. કોમ્પ્યુટર) તથા તૃતીય ક્રમાંકે જેની માકડીયા, દિયા હરસોડા (પ્રથમ સેમ. ઈન્ફોર્મેશન ટેનોલોજી)ની વિદ્યાર્થીનીઓ વિજેતા થયેલ. ભાવિ એન્જીનીયરો કલાક્ષેત્રે પણ નિપુણ છે એ બાબતને વી.વી.પી.ના વિદ્યાર્થીનીઓએ ચરિતાર્થ કરી છે.



આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે આસિતભાઈ ભટ્ટ, ચૈતન્યકુમારે સેવા આપેલ હતી, સ્પર્ધાના સફળ આયોજન માટે વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના આચાર્ય ડો.પીયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલના કન્વિનર ડો. દર્શનાબેન પટેલ, કો- કન્વિનર પ્રો. અંજનાબેન શાપરીયા,

ડો. દર્શનાબેન ભટ્ટી પ્રો. શિલ્પાબેન કાથડ, પ્રો. કિંજલબેન રાંક, પ્રો. શેરોનબેન ક્રિસ્ટી, પ્રો. ઝરણાબેન મહેતા, પ્રો. અદિતિબા જાડેજા, પ્રો. બિન્દાબેન ચાંવ, પૂજાબેન ઓઝા તથા પ્રો. ભાવીકાબેને જહેમત ઉઠાવી હતી. રંગોળી સ્પર્ધાના આયોજન માટે વી.વી.પી.ના ટ્રસ્ટીઓ કૌશીકભાઈ શુકલ ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠ દ્વારા પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારા તેમજ સમગ્ર કર્મચારીગણ અને વિદ્યાર્થીગણને શુભેચ્છાઓ આપવામાં આવી છે.

# દુબઈથી હોંગકોંગ આવતું વિમાન રન-વેથી લપસી દરિયામાં ગરકાવ: બે વ્યકિતના મોત

**અબતક રાજકોટ**

દુબઈથી ઉડાન ભરનાર એક બોઈંગ ૭૪૭ કાર્ગો વિમાન સોમવારે (૨૦ ઓક્ટોબર) વહેલી સવારે હોંગકોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે રનવે પરથી લપસીને સમુદ્રમાં ખાબક્યું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ચાર લોકોમાંથી બેના મોત થયા છે, જ્યારે અન્ય બેને બચાવી લેવાયા છે. દુર્ઘટના એટલી ગંભીર હતી કે વિમાનનો અડધો ભાગ તૂટીને સમુદ્રમાં ગરકાવ થઈ ગયો હતો.પ્રાથમિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સ્થાનિક સમય અનુસાર સવારે લગભગ ૩:૫૦ વાગ્યે બની હતી. વિમાન લેન્ડિંગ દરમિયાન રનવે પર નિયંત્રણ ગુમાવી બેઠું અને સીધું નજીકના સમુદ્રમાં જઈને પડ્યું. ઘટનાની જાણ થતાં જ એરપોર્ટ પર મોટા પાયે કટોકટી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે બે લોકોને બચાવી લેવાયા છે, પરંતુ અન્ય બે લોકોના મોત થયા છે.




આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે. જોકે, એરપોર્ટના દક્ષિણ અને મધ્ય રનવે કાર્યરત છે. બીજી તરફ, અમીરાત એરલાઈન્સે એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, ફ્લાઈટ EK૯૭૮૮ દુર્ઘટનાગ્રસ્ત થઈ છે, પરંતુ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. જોકે, એરપોર્ટ ઓથોરિટીના મૃત્યુના આંકડા આ નિવેદનથી વિરોધાભાસી છે, જેના કારણે હાલ પરિસ્થિતિ અસ્પષ્ટ છે.

હોંગકોંગના નાગરિક ઉડ્ડયન વિભાગે જણાવ્યું છે કે આ દુર્ઘટનાની જાણ હોંગકોંગ એર એકિસડન્ટ ઈન્વેસ્ટિગેશન એજન્સીને કરવામાં આવી છે. તપાસ એજન્સીની ટીમ અકસ્માતના કારણો શોધવાનો પ્રયાસ કરશે, જેમાં સંભવિત તકનીકી ખામી, પાઈલટની ભૂલ અથવા તે સમયની ખરાબ હવામાન પરિસ્થિતિ જેવા પરિબળોની તપાસ કરવામાં આવશે.

# રૂ. ૯૦ લાખની લૂંટના ગુનામાં કાવતરાખોરની જામીન નામંજુર

## ટંકારા નજીક ખજુરા હોટેલના ગ્રાઉન્ડમાં આંગડિયા પેઢીની કારને આંતરીને છરી અને લાકડાના ધોકા બતાવી સનસનાટી ભરી લૂંટ ચલાવી' તી

**અબતક રાજકોટ**

ટંકારા નજીક ખજુરા હોટેલના ગ્રાઉન્ડમાં આંગડિયા પેઢીની કારને આંતરીને છરી અને લાકડાના ધોકા બતાવી રૂ. ૯૦ લાખની ચકચારી લૂંટ પ્રકરણમાં કાવત્રાખોર દીગ્વીજયની ચાર્જશીટ બાદની જામીન અરજી અદાલત દ્વારા નામંજુર કરવામાં આવી છે.વધુ વિગત મુજબ તા. ૨૧ના રોજ રાજકોટના રહેવાસી અને ટી એન્ટરપ્રાઈઝ (ટીટેનિયમ) નામની આંગડીયા પેઢીના માલિક નિલેશભાઈ મનસુખભાઈ ભાલોડી પોતાનાં ડ્રાઈવર જયસુખભાઈ સુંદરજીભાઈ ફેફર સાથે રોકડા રૂ. ૯૦ લાખ પોતાની કારમાં લઈને રાજકોટથી મોરબી આવતા હતા ત્યારે મીતાણા ગામ નજીક કારે ઠોકર મારીને લૂંટનો પ્રયાસ કર્યો હતો. જેથી તેઓએ કાર હંકારી મુકી હતી. જો કે, અન્ય બલેનો કારમાં પીછો કરીને પાંચથી સાત ઈસમોએ લાકડાના ધોકા, છરી અને પાઈપથી હુમલાનો પ્રયાસ કરતા બન્નેએ પુરઝડપે પોતાની કાર હંકારીને ખજુરા હોટેલના ગ્રાઉન્ડમાં ઉભી રાખી હતી. જ્યાં પણ બે કારમાં પાંચથી સાતેક માણસો મોઢે રૂમાલ બાંધીને લાકડાના ધોકા, પાઈપ અને છરી લઈને ધસી આવ્યા હતા અને રૂ. ૯૦ લાખની લૂંટ-ધાડ કરીને નાસી ગયા હતા. મોરબી જિલ્લામાં નાકાબંધી કરવામાં આવી હતી. જે કારમાંથી આરોપી અભિ લાલાભાઈ અલગોતર ( રહે. ભાવનગર) અને અભિજિત ભાવેશ ભાર્ગવ (રહે. ભાવનગર)ને ઝડપી લીધા હતા.જેની પૂછપરછમાં દીગ્વીજય અમરશીભાઈ ધરપકડ બાદ જામીન મુકત થવા મોરબીની સેશન્સ અદાલતમાં જામીન અરજી કરી તેઓનું એફ.આઈ.આર. માં નામ નહી હોવાનું હોવાનું રજુઆત સામે સરકાર પક્ષે ડી.જી.પી. જાની તથા મુળ ફરીયાદપક્ષે એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા એવી રજુઆતો કરવામાં આવેલ કે હાલના આરોપી મુખ્ય કોન્સ્પીરેટર છે અને આરોપી ફરીયાદીની કાર સમયાંતરે આંગડીયાના રૂપીયા લઈ નીકળતી હોવાની રેકી કરી બાદ લુંટ ચલાવનાર ટોકળીને ટીપ્સ આપી વાત કરી પોતાના ધંધાના સ્થળે બોલાવી રહેવા જમવા માટે વ્યવસ્થા કરી આપી આરોપીએ ગુન્હાના કામે અગ્રીમ રોલ ભજવેલ હોવાનું ધરપકડ પામેલ આરોપીઓના માધ્યમથી ખુલવા પામેલ હોય, હજુ અન્ય આરોપીઓ તથા મુદામલ કબ્જે કરવાનો બાકી હોય, પુરાવાઓનો નાશ કરેલ છે, ગુન્હાની ગંભીરતા અને પ્રથમ દર્શનીય ટેકો આપતા પુરાવાનું સ્વરૂપ લક્ષે લઈ આરોપી જામીન અરજી નામંજુર કરવા લંબાણ પુર્વક રજુઆતો કરી સુપિમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદઓ માની મુખ્ય કાવત્રાખોર દીગ્વીજય ચાર્જશીટ બાદની પણ જામીન અરજી નામંજુર કરતો હુકમ ફરમાવવામાં આવેલ છે. મુળ ફરીયાદી નિલેશ ભાલોડી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, જીતેન અગેચણીયા, ભુવનેશ શાહી, કૂણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, તથા મદદમા નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ જયમલ મકવાણા, રાહીલ ફળદુ તથા સરકારપક્ષે મોરબીના જીલ્લા સરકારી વકીલ વી.સી, જાની રોકાયેલ હતા.

# રૂ.૭.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં મિત્રને બે વર્ષની સજા

**અબતક રાજકોટ**

શહેરમાં મિત્રતાના દાવે આપેલા ઉછીના રૂ.૭.૫૦ લાખ પરત કરવા આપેલો ચેક રિટર્ન થતાં યુવકે મિત્ર સામે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે ચેક રિટર્ન કેસમાં અદાલતે આરોપી મિત્રને બે વર્ષની સજા ફટકારી છે.

આ કેસની હકિકત મુજબ રાજકોટમાં મંગળા રોડ ઉપર આવેલ મનહર પ્લોટમાં રહેતા સિધ્ધાર્થ શરદભાઈ સંઘાણીએ તેમના મિત્ર મિતેશ હરેશભાઈ વિરડીયા ( રહે.'અમર ગ્લોબલ' શોપ નં. ૧૧, કે. કે. વી. હોલ ચોક પાસે, કાલાવડ રોડ) ને ઉછીના પેટે તેમની પેઢી 'સંઘાણી એકસપોર્ટ ઈમ્પોર્ટ'ના ખાતાવાળી એચ.ડી.એફ.સી. બેંકમાંથી રૂ.૭.૫૦ લાખ આપ્યા હતા. ફરિયાદીએ આ રકમની માંગણી કરતા આરોપીએ રકમનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા ફરીયાદીએ પોતામાં વકીલ મારફત આરોપીને નોટીસ મોકલાવેલી અને ત્યારબાદ કોર્ટમાં ચેક રિટર્નની ફરીયાદ કરેલી હતી. જે કેસ ચાલી જતા બંને પક્ષની રજૂઆતો બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી મિતેશ વીરડીયાને ચેક રિટર્ન કેસમાં તકસીરવાન ઠરાવી બે વર્ષની કેદ અને ચેકની રકમ વળતર પેટે ફરિયાદીને ચૂકવવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ અને ચાર્મી કે. પંડયા રોકાયા હતા.

# અકસ્માતના કેસમાં ઈજાગ્રસ્તને ૬૪ લાખનું વળતર મંજૂર

## મોરબી નજીક રાહદારી તરૂણને રીક્ષા ચાલકે ઠોકરે ચડાવતા હેડઈન્જરી થઈ'તી: રિક્ષાની વીમા કંપનીને વળતર ચૂકવવા હુકમ

**અબતક રાજકોટ**

મોરબી-નવલખી રોડ પર રાહદારી તરૂણને રીક્ષા ચાલકે ઠોકરે ચડાવતા હેડઈન્જરી થઈ હતી. જે અકસ્માત વળતર કલેઈમ કેસમાં કોર્ટે ઈજાગ્રસ્ત તરૂણને ૬૪ લાખનું વળતર ચૂકવવા રિક્ષાની વીમા કંપનીને હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ માળીયા મિયાણાના નાનીબરાર ગામે રહેતો તરૂણ અરવીંદભાઈ ડાગર નામનો ૧૬ વર્ષનો તરૂણ ગત તા.૧૦-૧૨-૨૦૧૭ ના રોજ મોરબી-નવલખી રોડ પર સવારના અગિયારેક વાગ્યાના અરસામાં ચાલીને જઈ રહયો હતો. ત્યારે રીક્ષા નં. જી.જે.-૩૬-યુ.-૨૫૩૫ ના ચાલકે તરૂણને હડફેટે લીધો હતો. તરુણને માથામાં ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં તેમને હોસ્પિટલ પાછળ રૂ.પાંચ લાખ જેટલો સારવાર ખર્ચ થયો હતો.

ઈજા સબબ વળતર મેળવવા માટે સગીર તરૂણના પીતાએ રાજકોટમાં કલેઈમ કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા સગીર તરૂણના વકીલ દ્વારા મેડીકલ બીલ્સ, ખોડ ખાપણનુ સર્ટી કાઢી આપનાર તબીબ અને અરજદાર તરૂણ જુબાની તેમજ અરજદારના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી રાજકોટના એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ વી.કે. ભટ્ટે અરજદાર સગીર તરૂણની મીનીમમ વેજીસ મુજબ આવક ગણી ૪૦ ટકા પ્રોસ્પકટીવ આવકને ધ્યાનમાં લઈ અરજદાર તરૂણ કે જે હાલમાં મેન્ટલી ડિસએબલ હોય જેની લગ્નની સંભાવનાનુ નુકશાન, ભવિષ્યમાં ખર્ચાનુ નુકશાન,પેઈન શોક સફરીંગ તથા વિવિધ હેડ સહિત વ્યાજ સહિત કુલ રૂા.૬૪ લાખનું વળતર ચુકવવા રીક્ષાની વીમા કંપની નેશનલ ઈન્શ્યોરન્સે એક માસમાં ચુકવી આપવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં અરજદાર વતી રાજકોટના એડવોકેટ શ્યામ જે. ગોહિલ, વાંકાનેરના વકીલ કપીલભાઈ વી. ઉપાધ્યાય, હિરેન જે. ગોહિલ, મૃદુલા બી. મકવાણા, પુનીતા વેકરીયા(પટેલ) અને દીવ્યેશ કણઝારીયા રોકાયા હતા.

# કુવાડવા-વાંકાનેર રોડ પર હિટ એન્ડ રન, બાઈક ચાલકનું મોત

## કાર ચાલકે બાઈકને ઠોકરે લેતા કુવાડવાના યુવકનું મોત

**અબતક રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા-વાંકાનેર રોડ પર હિટ એન્ડ રન ઘટના સામે આવી છે. અજાણ્યા કાર ચાલકે બાઈકને ઠોકરે લેતા યુવકનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું ત્યારે યુવકને એક વર્ષની માસૂમ બાળકીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો હતો.બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકે અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.બનાવ અંગે કુવાડવા ગામે રહેતા મૃતક ભરત રમેશભાઈ બહુકિયા ( ઉંમર ૨૭)ના નાના ભાઈ દેવરાજે કુવાડવા પોલીસ મથકમાં અજાણ્યા ફોર વ્હીલર ચાલક સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ભરત શનિવારે કપડા ખરીદવા માટે વાંકાનેર ગયો હતો.દરમિયાન સાંજના ૬ વાગ્યે આસપાસ તેમના સબંધોનો ફોન આવેલ કે ભરતનું આર.કે કારખાના પાસે અકસ્માત થયેલ છે તું જલ્દી કુવાડવા સરકારી દવાખાને આવ. જેથી દેવરાજ હોસ્પિટલે પહોંચતા જ તબીબે ભરતને મૃત જાહરે કર્યો હતો.

વધુમાં મૃતક ભરત મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો.તે સાત ભાઈ-બહેનમાં વચ્ચેટ હતો મૃતક યુવકની ૧ વર્ષની પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો હતો. બનવા અંગે કુવાડવા પોલીસે અજાણ્યા ફોર વ્હીલર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બેડી ગામે લોનના બાકી રકમમાં વચ્ચે પડનાર આધેડને ફાઈનાન્સરે માર્યો માર

## સાત હનુમાન પાસે ફટાકડા ફોડવાની ના મામલે યુવાન પર હુમલો

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવસે અને દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે બેડી ગામ માં આધેડ પર ફાઈનાન્સરો દ્વારા માર મારતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવ્યા હતા બીજા બનાવમાં મફતીયા પરા સાત હનુમાન પાસે રહેતા યુવાન પર ફટાકડા ફોડવા બાબતે હુમલો કરતા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આ અંગે મળતી માહિતી મુજબ બેડી ગામમાં રહેતા દીપકભાઈ જીતુભાઈ વાઘેલા ઉંમર વર્ષ ૪૦ વર્ષીય આધેડ પર ગઈકાલ રાત્રે પોતાના ઘર પાસે હતા ત્યારે સામેવાળા રાહુલભાઈ આયર અને તેની સાથેના માણસોએ ઝઘડો કરી પગમાં માર મારતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આ અંગે ફરિયાદીની વિગતો મુજબ દીપકભાઈ નો એક મિત્રનો દ્વારા લોનનું પેમેન્ટ બાકી બાબતે ફાઈનાન્સનો ધંધો કરતા રાહુલભાઈ આહીર નામના સાથે સમાધાન બંનેને ભેગા કરેલ બંને પક્ષ વચ્ચે રકજક થતા સમાધાન ન થતા દીપકભાઈ જીતુભાઈ વાઘેલાને ફાઈનાન્સ ધંધો કરતા રાહુલ આહીર દ્વારા ખાર રાખી અને હુમલો કર્યો પ્રાથમિક માહિતી મળી છે અંગે કુવાડવા પોલીસ સ્ટેશનને તપાસ હાથ ધરી છે બીજા બનાવમાં મફતીયા પરા સાત હનુમાન પાસે રહેતા અરવિંદભાઈ જીવરાજભાઈ ખેરારીયા ઉંમર વર્ષ ૨૫ વર્ષે યુવાન ગઈ કાલ રાત્રે ૮:૦૦ વાગે આસપાસ પોતાના ઘરે હતો ત્યારે સામેવાળા વલ્લભભાઈ મનસુખભાઈ તેની સાથેના માણસો ઝઘડો કરી માર મારતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા આ અંગે મળતી માહિતી મુજબ અરવિંદભાઈ બે માસની દીકરી મોટા અવાજના ફટાકડા ઓથી ડરતી હોય જેથી અરવિંદભાઈ દ્વારા પાડોશમાં રહેતા વલ્લભભાઈ મનસુખભાઈ ફટાકડા ફોડવા ના પાડતા વલ્લભભાઈ દ્વારા પાઈપ વડે માર મારેલ છે હોવાનું માહિતી મળી છે આ અંગે કુવાડવા પોલીસ સ્ટેશન તપાસ હાથ ધરી એવું જાણવા મળેલ છે

# ન્યારાના પાટીયા પાસે કારે રીક્ષાને અડફેટે લેતા ડાભી પરિવારના ચાર ધવયા

## સુરાપુરાના નિવેદ માટે જામનગર જતા ડાભી પરિવારને નડ્યો અકસ્માત

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે તહેવારો મા લોકોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે ત્યારે રેલ નગરમાં રહેતા ડાભી પરિવાર રિક્ષા લઈને ન્યારા ગામ પાટીયા જતો ત્યારે અજાણ્યા ફોરવીલ ચાલેકે રીક્ષાને અડફેટે લેતા ચાર વ્યક્તિઓને ઈજા થતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ રેલનગરમાં શ્રીનાથદ્વારા શેરી નંબર પાંચમાં રહેતા (૧)ભરતભાઈ મગનભાઈ ડાભી ઉંમર વર્ષ ૩૨ (૨) આશાબેન ભરતભાઈ ડાભી ઉંમર વર્ષ ૩૦ (૩)કાજલબેન ભરતભાઈ ડાભી ઉંમર વર્ષ ૧૬

(૪)પ્રતીક ભરતભાઈ ડાભી ઉંમર વર્ષ ૧૦ વર્ષીય ડાભી પરિવાર રિક્ષા લઈને જામનગર તરફ નિવેદ કરવા માટે જતા હતા ત્યારે ન્યારા ગામ પાટીયા પાસે ફોરવીલ ચાલકે રીક્ષાને હડફેટે લેતા એક જ પરિવારના ચાર વ્યક્તિઓને ઈજા થતા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આજે દિવાળીનો પર્વ લોકોમાં અનેરો આનંદ હોય છે જેમાં પરિવારના એકી સાથે ચાર લોકોના અકસ્માતથી પરિવારની દિવાળી બગડી હોય આ અંગે પડધરી પોલીસ સ્ટેશન દ્વારા તપાસની તજવીજ હાથ ધરી છે એવું જાણવા મળેલ છે

# ધારીના દુધાળા નજીક પ્રતાપ દુધાત પર હુમલામા બે શખ્સોની અટકાયત

## અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત સરદાર પટેલ સન્માન યાત્રા' માંથી પરત ફરતાં હતા ત્યારે કાફલા પર હુમલો કર્યો હતો

**અબતક મેહુલ ત્રિવેદી ધારી**

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતના કાફલા પર ધારીનાં દૂધાળા નજીક ૩ કાર સાથે અજાણ્યા શખ્સોએ તેમની કાર પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે હુમલાનો ભેદ ઉકેલ બે શખ્સની ધરપકડ કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબઅમરેલી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતની કાર પર ૨૩ સપ્ટેમ્બરની મોડી રાત્રે હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગીર-સોમનાથ જિલ્લાની 'સરદાર સન્માન યાત્રા' માંથી પરત ફરતી વખતે ધારીના દુધાળા નજીક . ૩ કારનાં કાફલા


ગૌતમભાઈ રામકુભાઈ


જીલુભાઈ ભાકાભાઈ

સાથે પરત ફરી રહેલા પ્રતાપ દુધાત પર અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરાયો હતો. ધારી પોલીસ વિભાગ દ્વારા ટેકનિકલ અને ખાનગી બાતમીના આધારે ગૌતમ રામકુભાઈ અને જીલી ભાકાભાઈ સહિત બે શખ્સોની અટકાયત કરવામાં આવી છે. આ હુમલો કરવાનું કારણ શું તેના માટે ઝડપાયેલા બંને શખ્સની તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# મોરબીની મહિલાનો સોનાનો ચેઈન તફડાવી ભાગેલી બેલડી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી

## ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે બંને શખ્સોને ઝડપી ૧.૫૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**અબતક રાજકોટ**

મોરબીમાં આપેલા રવાપર રોડ પર મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર બેલડીને રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમે રાજકોટમાંથી ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો પોલીસે સોનાનો ચેઈન અને બાઈક મળી રૂા. ૧.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.




રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરિયા, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) ભરત બી બસિયા દ્વારા રાજકોટ શહેરમાં તેમજ જીલ્લા બહાર થતી ચોરીઓ જેમાં ઘરફોડ ચોરી, વાહન ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે ગુના બનતા અટકાવવા તેમજ થયેલ ગુનાઓ ડીટેક્ટ કરવાસુચના આપી હતી. ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલિયા, એમ.એલ. ડામોલ અને સીએચ જાદવે ટીમો બનાવી દિવાળીના તહેવાર ચાલુ હોય જેથી સતત શહેરમાં પેટ્રોલીંગ કરી અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે જરૂરી સુચના આપેલ હોય તેમજ સીધા માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન. પરમારની ટીમ રાજકોટ શહેર વિસ્તાર પેટ્રોલીંગમાં દરમિયાન પો.હેડન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા અને મયુરધ્વજસિંહ જાડેજાને મળેલ સંયુક્ત બાતમી હકીકતના આધારે તેમજ ચોક્કસ હ્યુમન સોર્સિસથી મોરબીમાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર કુલદિપ કિરિટભાઈ પરમાર, (રહે. લોહાનગર, ગોંડલ રોડ પુલની નીચે, સમા મોટર વાળી શેરીમાં રાજકોટ અને સુનિલ ઉર્ફે આર્યા ભાવેશ ભાઈ શીયાલ (રહે. શાપર-વેરાવળ, શીતળામાતાજી મંદિરની સામે તા. કોટડા સાંગાણી જી. રાજકોટ મુળ રહે. લોહાનગર, સ્વામી ગુરૂકુળ સામે રાજકોટ)ને ઝડપી લીધા હતાં.

પોલીસે ઝડપાયેલા બંને શખ્સો પાસેથી રૂા. ૧.૧૪ લાખની કિંમતનો સોનાનો ચેઈન અને બાઈક મળી રૂા. ૧.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપી સુનિલ ઉર્ફે આર્યા ભાવેશભાઈ શીયાળ અગાઉ એક વખત રાજકોટ તાલુકા પોલીસ મથકમાં પણ ચોપડેચડી ચુક્યો છે. અને અગાઉ એક વખથ પાસામાં પણ ધકેલાયો હતો.

# ચેક રિટર્ન કેસમાં સમય મર્યાદાનો બાધ નડતો હોવાથી આરોપીને નિર્દોષ છોડી મૂકવા હુકમ

## એમ.ડી. પીડિયાટ્રિશિયનમાં પ્રવેશ અપાવવામાં નિષ્ફળ જતા રકમ ૯.૯૦ લાખ પરત અપાવવા આપેલો ચેક બાઉન્સ થયો

**અબતક રાજકોટ**

એમ.ડી. પીડિયાટ્રિશિયન અભ્યાસમાં પ્રવેશની આપેલ ખાતરી નિષ્ફળ જતા રૂપિયા ૯.૯૦ લાખ પરત આપવાનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે

સમય મર્યાદાનો બાધ નડતો હોવા સંદર્ભે આરોપીને નિર્દોષ ચડાવી છોડી મૂકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, હાલમાં સ્ટરલિંગ હોસ્પિટલ, ડોકટર તરીકેની ફરજ બજાવતા ડો. સંદિપસિંહ કે. ઝાલા પાસેથી સુરતના મનીષ કિશોરભાઈ વ્યાસે સને-૨૦૧૩ના વરસમાં નવી મુંબઈની ગાંધી મિશન એમ.જી.એમ. મેડીકલ કોલેજમાં એમ.ડી. પીડિયાટ્રીશ્યનનાં અભ્યાસ અર્થે મેનેજમેન્ટ કવોટામાં રૂા.૧૨ લાખમાં એડમિશન કરાવી આપવાની બાહેધરી આપતા ડો. સંદીપસિંહ ઝાલાએ આર.ટી.જી.એસ.થી રૂા. ૯.૯૦ લાખ ટ્રાન્સફર કરેલ, ત્યારબાદ બાહેધરી છતાં એડમિશન ન થતાં ડો. સંદીપસિંહ ઝાલાએ તેની રકમ પરત માંગતા મનીષ વ્યાસે રૂા. ૩ લાખનાં ત્રણ ચેકો આપેલા, જે પૈકી બે ચેક ડો. સંદિપસિંહ ઝાલાએ તેના ખાતામાં રજુ કરતાં 'પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅર' નાં શેરા સાથે પરત ફર્યા હતા, તેથી ડો. ઝાલાએ મનીષ વ્યાસ સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ રાજકોટની અદાલતમાં ૨૦૧૮નાં અરસામાં બે અલગ-અલગ ફરીયાદો દાખલ કરી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા અદાલતે નિરીક્ષણ કરેલ કે ફરીયાદીએ કાયદેસરની સમય મર્યાદા બહાર હાલની ફરીયાદ દાખલ કરેલ છે, તેમજ ચેક બેંકમાં કાયદેસરની ત્રણ વર્ષની સમય મર્યાદા બાદ રજુ કરેલ છે. તેમજ આરોપીએ તે અંગે કોઈપણ લખાણ કે કરાર કરી કાયદેસરની સમય મર્યાદા વધારી આપેલ નથી. તેમજ તે સંબંધી કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલ નથી. જેથી ફરીયાદી ડોકટરનું લેણું મુદત બહારનું છે અને તે મુદત બહારનાં ચેકવાળા લેણા માટે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહિં. વધુમાં ફરીયાદી ડોકટરે આરોપી સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી, તેવું ઠરાવી આરોપી મનીષ કિશોરભાઈ વ્યાસને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપી મનીષ કિશોરભાઈ વ્યાસ તરફે ધારાશાસ્ત્રી મયુર એચ. પંડયા રોકાયા હતાં.

# નવાગામ જકાતનાકા નજીકથી બે ચોરાઉ બાઈક સાથે ગંજીવાડનો ગટ્ટુ ઝડપાયો

## અઠવાડિયામાં કનકનગર અને રણછોડનગરમાંથી બાઈક ઉઠાવ્યાની કબુલાત: એલસીબી ઝોન-૧ ની ટીમની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

નવાગામ જકાતનાકા પાસેથી એલસીબી ઝોન-૧ ની ટીમે બે ચોરાઉ બાઈક સાથે ગંજીવાડામાં રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી બે ચોરાઉ બાઈક કબજે કર્યા હતાં. આ શખસે અઠવાડિયા દરમિયાન કનકનગર અને રણછોડનગરમાંથી બાઈક ચોરી કર્યાની કબુલાત આપી હતી.



જાણવા મળતી વિગતો મુજબ, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ બી.વી.ચુડાસમા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન હેડ કોન્સ. નિલેશભાઈ જમોડ અને કોન્સ. રવિરાજભાઈ પટગીરને મળેલી બાતમીના આધારે નગાગામ જકાતનાકા પાસે યુનિક ટાયર્સની દુકાન પાસેથી ખુલ્લી જગ્યાએથી બે ચોરાઉ બાઈક સાથે એક શખસને ઝડપી લીધો હતો.

પોલીસે ચોરાઉ બાઈક સાથે ઝડપાયેલા આ શખસની પુછતાછ કરતા તેણે પોતાનું નામ રોહિત ઉર્ફે ગટ્ટુ મુન્નાભાઈ વજકાણી(ઉ.વ ૨૦ રહે. ગંજીવાડા શેરી નં. ૭૯ મહાકાળી ચોક) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ ચોરાઉ બાઈક અંગે પુછતાછ કરતા તેણે કબુલાત આપી હતી કે, ત્રણેક દિવસ પૂર્વે કનકનગર રાજારામ સોસાયટી પાસેથી અને છ દિવસ પૂર્વે રણછોડનગર શેરી નં. ૨૮ પાસેથી બાઈક ઉઠાવ્યા હતાં. જે અંગે થોરાળા અને બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ થઈ હતી. પોલીસે આરોપી પાસેથી રૂ.૬૦ હજારની કિંમતના આ ચોરાઉ બાઈક કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.આરોપી સામે અગાઉ ભકિતનગ અને ગાંધીગ્રામ પોલીસ મથકમાં ચોરીના ગુના નોંધાઈ ચૂકયા છે. આ કામગીરીમાં એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ બી.વી.ચુડાસમા, એએસઆઈ હરેશભાઈ પરમાર, મનરૂપગીરી ગૌસ્વામી, હેડ કોન્સ. હિતેશભાઈ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર, કોન્સ. રવીરાજભાઈ પટગીર તથા નાસતા ફરતા સ્કોવડ ઝોન-૧ ના કોન્સ. નિલેશભાઈ જમોડ સાથે રહ્યા હતાં.

# મહાવીર સ્વામી પહોંચ્યા નિર્વાણ: ગૌતમ સ્વામી પામ્યા કેવળજ્ઞાન

**અબતક, રાજકોટ**

તીર્થપતિ તીર્થંકર,વિશ્વ વંદનીય અનંત ઉપકારી શાસનપતિ શ્રી મહાવીર સ્વામી જયારે રાજગૃહી નગરીમાં ચાતુર્માસ કલ્પ વ્યતિત કરી રહ્યાં હતાં. પ્રભુના પ્રથમ માસ ક્ષમણના પારણે પંચ દિવ્ય વૃષ્ટિને નિહાળીને ગોશાલક પ્રભુ પ્રત્યે આકર્ષાયો અને પ્રભુના શિષ્ય થવાની ઈચ્છા પ્રગટ કરી પરંતુ પરમાત્માએ તે વાતનો સ્વીકાર કર્યો નહીં. થોડા દિવસો બાદ આવા જ એક પ્રસંગે ગોશાલકે પુન : પોતાની શિષ્ય થવાની ઈચ્છા દોહરાવી ત્યારે પ્રભુ મૌન રહ્યાં, ગોશાલકે મૌનને સમ્મતિ સમજી પ્રભુ સાથે રહેવા લાગ્યો.

**'તેજો લેશ્યાની વિધિ' :** એકદા ગોશાલકે એક બાલ તપસ્વીની હસી – મજાક કરી તેમને ઉશ્કેર્યા એટલે વૈશ્યાયન નામના તપસ્વીએ ગોશાલક ઉપર તેજો લેશ્યા છોડી,પ્રભુએ કરૂણાસભર શીત લેશ્યા દ્વારા તેનું રક્ષણ કર્યું.આ ઘટનાથી ગોશાલકે પ્રભુ પાસેથી તેજો લેશ્યાની વિધિ જાણી.

**ગોશાલક દ્વારા ધમકી :** ગૌતમ સ્વામીના પ્રશ્ન દ્વારા પ્રભુએ પરિષદનું ધ્યાન દોર્યુ કે મંખલિ પુત્ર ગોશાલક તીર્થંકર નથી એટલે કે જિન નથી પરંતુ જિન પ્રલાપી છે. આ સાંભળી ગોશાલક અતિ ક્રોધિત થયો અને આનંદ મુનિ દ્વારા અનર્થકારી ધમકી આપી કે હું મારા તપ તેજથી મહાવીરને બાળીને ભસ્મીભૂત કરી નાખીશ.પ્રભુએ દરેક સંતોને સાવચેત કરી દિધા કે ગોશાલક માર માર કરતો આવશે તમો બધા આત્મ ભાવમાં રમણતાં કરજો.



સંકલન: મનોજ ડેલીવાળા

**તેજો લેશ્યાનો પ્રહાર :** પ્રભુ મહાવીરે સર્વે સંતોને સાવચેત કરી દિધેલ છતાં પ્રભુ મહાવીર પ્રત્યેના અહોભાવ અને અત્યંત ભક્તિભાવને કારણે સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર નામના આ બે મુનિરાજોએ ગોશાલકને શાંત કરવાનો પ્રયત્ન કર્યો,ક્રોધિત ગોશાલકે બંને સાધુઓ ઉપર તેજો લેશ્યા છોડી બાળીને ભડથુ કરી દિધા.એટલું જ નહીં ખુદ પરમ કૃપાળુ પરમાત્મા ઉપર પણ તેણે તેજો લેશ્યા છોડી.તીર્થંકર પ્રભુના પરમ પુણ્યોદયે પ્રભુ બચી ગયા.

પરસ્પર ભવિષ્યવાણી : ગોશાલકનો પ્રહાર અસફળ રહેવાથી તે વધુ ક્રોધિત થઈ અનર્થકારી ભાષા બોલવા લાગ્યો કે આજથી છ મહીનામાં જ તમો છદમસ્થ અવસ્થામાં જ મૃત્યુ પામશો.તેના પ્રત્યુત્તરમાં પ્રભુએ સ્પષ્ટતા કરતાં કહ્યું કે... હે ગોશાલક ! હું તો આ પૃથ્વીના પટ ઉપર હજુ ૧૬ વર્ષ સુધી અપ્રતિબધ્ધ પણે ગંધ હસ્તિની માફક તીર્થંકર પણે વિચરવાનો છું, પરંતુ તું પોતે જ દાહ જવરથી પીડિત થઈ સાત દિવસમાં મૃત્યુને પામીશ.પ્રભુ મહાવીરે ચતુર્વિધ સંઘને ચિંતામાંથી મુક્ત કરવા સિંહા નામના અણગારને રેવતિ ગાથાપતિના ઘરેથી બીજોરાપાક લાવવા માટે ગોચરીએ મોકલ્યા.

**પ્રભુ મહાવીરના ચાતુર્માસની ગણતરી :** પ્રભુએ ગોશાલકને આપેલા પ્રત્યુત્તરના આધારે દરેક ભાવિકો ચાતુર્માસની ગણતરી કરવા લાગ્યાં. જોતજોતામાં હસ્તિપાલ રાજાની પૂણ્યશાળી પાવાપુરી નગરીમાં અંતિમ ચાતુર્માસ માટે મંગલ પદાર્પણ થયું.પરમાત્માનો અમૂલ્ય અને અપૂર્વ લાભ લેવા માનવ મહેરામણ પાવાપુરીમાં આવી રહ્યો હતો.અઢાર દેશના રાજાઓ પણ બે દિવસના ઉપવાસ કરી ચતુરંગી સેના સાથે પાવાપુરીમાં આવી પહોંચ્યા. પ્રભુના શ્રીમુખેથી સોળ પ્રહર સુધી અવિરતપણે અસ્ખલિત જિનવાણીનો ધોધ વહી રહ્યો હતો. પ્રભુએ સુખ વિપાક સૂત્રના પંચાવન અધ્યયન અને દુ:ખ વિપાક સૂત્રના પંચાવન અધ્યયન ફરમાવ્યા.પરીષદમાં ઉપસ્થિત સૌ પ્રભુને અનિમેષ દ્રષ્ટિએ નીરખી રહ્યાં હતાં. તહ..ચિત્ત,તહ મને પ્રભુની દેશના શ્રવણ કરી ધન્ય બની રહ્યાં હતાં. ચરમ અને પરમ તીર્થંકર કરૂણાસાગર પરમાત્માએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયન ફરમાવી આસો વદ અમાસના દિપાવલીના શુભ દિવસે અનંતા સિદ્ધ ભગવંતોની સાથે જ્યોતમાં જ્યોત મીલાવી સિદ્ધ – બુધ્ધ અને મુક્ત થઈ નિર્વાણ પામ્યા.

પ્રભુના પટ્ટધર શિષ્ય ગણધર ગૌતમ સ્વામી પણ પ્રભુ પ્રત્યેનો રાગ ભાવ દૂર થવાથી કેવળ જ્ઞાન – કેવળ દર્શનને પામ્યાં.

# કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં નાગરિક પુરવઠા અને પી.એમ. પોષણ યોજના અંગે સમીક્ષા બેઠક યોજાઈ

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં રાજકોટ શહેર – જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ પી.એમ. પોષણ યોજના અંગે બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ વિવિધ કામગીરીઓ વિષે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.



આ બેઠકમાં કલેક્ટરશ્રીએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અંત્યોદય રાશન કાર્ડ અને અગ્રતા ધરાવતા કુટુંબોને આવશ્યક ચીજવસ્તુઓ ઘઉં, ચોખા અને બાજરીનું વિતરણ, વન નેશન, વન રાશન કાર્ડ યોજના અંતર્ગત થયેલી કામગીરી, તાલુકા પ્રમાણે વાજબી ભાવની દુકાનોની સંખ્યા અને તેની તપાસ, નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ ઈ-કે.વાય.સી.ની કામગીરી, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસણી, સીઝર વાજબી ભાવની દુકાનો સહિતની બાબતોની સમીક્ષા કરી હતી.

આ ઉપરાંત, મધ્યાહન ભોજન યોજનાની જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમ મોનીટરીંગ કમિટીની મીટીંગમાં કલેક્ટરશ્રીએ પી.એમ. પોષણ યોજનાના અસરકારક અમલીકરણ પર ભાર મૂક્યો હતો. તેમજ આ યોજનાના કેન્દ્રો અને લાભાર્થી બાળકોની સંખ્યા, ખાદ્ય પદાર્થોનાં નમૂના, સ્કૂલ ન્યુટ્રીશન ગાર્ડન, કીચન કમ સ્ટોરની વ્યવસ્થા, બાળકોને ભોજન માટે શેડ બનાવવા અને રીપેરિંગ, અધિકારીઓને સોંપાયેલા તપાસણી લક્ષ્યાંક સામે માસવાર થયેલી કામગીરી, ગ્રાન્ટ અંગે અધિકારીઓ સાથે ચર્ચા-પરામર્શ કર્યો હતો. તેમજ શાકભાજી, મરી મસાલાનો દર, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાની વાનગીનું મેનુ, તિથિ ભોજન વિષયક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ, પ્રાંત અધિકારી વિમલકીર્તિ ચક્રવર્તી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાંદિપની વિદ્યાનીકેતનના હરિ મંદિરમાં પૂ. રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં ભગવાન ધન્વંતરીનું પુજન

**અબતક,રાજકોટ**

પોરબંદરના સાંદીપનિ વિદ્યાનિકેતનના હરિ મંદિરમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં ધનતેરસના દિવસે ભગવાન ધન્વંતરિના પૂજન અને રૂપ ચતુર્દશીના દિવસે હનુમાનજીની પૂજા અને સાંજે દીપદાન સાથે દિપાવલી પર્વની ઉજવણીનો પ્રારંભ થયો.



ધનતેરસના દિવસે હરિ મંદિરમાં સાંજે ભાઈશ્રી અને મનોરથી પરિવાર દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ભગવાન ધન્વંતરીનું પૂજન કરવામાં આવ્યું. તેમજ રૂપચતુર્દશીના અવસરે સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન ભાઈશ્રી તથા મનોરથી પરિવાર દ્વારા શ્રી હનુમાનજી મહારાજની વિધિવત ષોડશોપચારપૂર્વક પૂજા કરવામાં આવી હતી.

દિવાળીના શુભ દિવસે સાંજે સમય ૪:૩૦ થી ૬:૩૦ શ્રીહરિ મંદિરમાં બિરાજિત શ્રીલક્ષ્મી નારાયણ ભગવાનનું પૂજ્ય ભાઈશ્રી અને મનોરથી પરિવાર દ્વારા સહસ્રકમલોથી વિધિપૂર્વક પૂજન-અર્ચન સંપન્ન થશે. ૬:૩૦ વાગ્યેથી દીપદાન વિધિ થશે, ૭:૦૦ વાગ્યે શયન આરતી થશે. શયન આરતી બાદ ૭:૩૦ થી ૮:૦૦ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન સન્મુખ દીપોત્સવ થશે અને ત્યારબાદ ૮:૦૦ વાગ્યે શ્રીહરિ મંદિરના પ્રાંગણમાં આતશબાજી કરવામાં આવશે.

તા. ૨૧-૧૦-૨૦૨૫, મંગળવારના રોજ શ્રીહરિ મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન સહિત સર્વે વિગ્રહોના દર્શન યોજાશે. જેના દર્શનનો લાભ સવારે ૭:૩૦થી બપોરે ૧:૦૦ તથા સાંજે ૪:૩૦ થી રાત્રે ૮:૦૦ સુધી સૌ ભાવિકજનો લઈ શકશે.

તા. ૨૨-૧૦-૨૦૨૫, બુધવારના રોજ વિક્રમસંવતના નૂતન વર્ષના પ્રારંભે શ્રીહરિ મંદિરમાં પ્રાતઃ ૭:૩૦ વાગ્યે મંગલાઆરતીના દર્શન થશે. ત્યારબાદ ૮:૦૦ થી ૦૧:૦૦ તથા સાંજે ૪:૩૦ થી ૮:૦૦ સુધી શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનને અર્પણ કરવામાં આવેલા અન્નકૂટના દર્શન યોજાશે.

# શહેરીજનો દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા જનસેવક રાજુ જુંજા

**અબતક, રાજકોટ**

નવા વર્ષમાં રાજકોટ શહેરમાં ભાઈચારો અને શાંતિ જળવાઈ રહે તેમજ સમગ્ર રાજકોટ વાસીઓના જીવનમાં આરોગ્ય સમૃદ્ધિ અને સફળતા મળે એવી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડીરેકટર અને જનસેવક રાજુ જુંજાએ હૃદયપૂર્વક શુભકામના પાઠવી છે. નવા વર્ષમાં લોકોના જીવનમાંથી નકારાત્મકતા દુર થાય અને જીવનમાં સકારાત્મકતાઓ સંચાર થાય એવી શુભેચ્છા સાથે જણાવ્યું છે દિવાળી અને નવા વર્ષની



તમામ નગરજનોને રાજુ જુંજાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# રણછોડનગરના પ્લોટમાં ઘાસ ઉગતા પ્રૌઢને પાડોશી સહિત પાંચ શખસોએ લમધાર્યો

## પ્રૌઢના પત્ની વચ્ચે પડતા તેમની સાથે પણ ઝપાઝપી : બી ડિવિઝનમાં રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રણછોડનગરમાં પ્લોટમાં ઘાસ ઉગવા બાબતેની માથકૂટમાં પાડોશી શખસ તેના પાંચ સાથીદારો સાથે સોની પ્રૌઢના ઘરે આવી તેમની સાથે મારામારી કરી હતી. પ્રૌઢના પત્ની વચ્ચે પડતા તેમની સાથે પણ ઝપાઝપી કરી હતી. આ અંગે પ્રૌઢની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસે આરોપીઓ સામે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

શહેરના રણછોડનગર શેરી નં.૮ માં વકરીયા મેઈન રોડ પર રહેતા રાજેન્દ્રકુમાર ઉર્ફે લાલાભાઈ હરકિશનભાઈ સોની(ઉ.વ ૫૯) નામના પ્રૌઢે બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા અભિષેક રામાણી તથા તેની સાથેના પાંચ અજાણ્યા શખસોના નામ આપ્યા છે. પ્રૌઢે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ હાલ નિવૃત્તીનું જીવન પસાર કરે છે. પચ્ચીશ વર્ષ પૂર્વે તેમણે તથા તેમના ભાઈએ સ્વ. લવજીભાઈ ગજેરા પાસેથી પ્લોટ વેચાતો લીધો હતો. જેની બાજુમાં આરોપી અભિષેક રહે છે. આ પ્લોટમાં ઘાસ ઉગી જતું હોય જેથી અભીષેક તથા તેમના પરિવારના સભ્યો અવાર નવાર બોલાચાલી કરે છે.

દરમિયાન ગઈકાલે રાત્રીના ફરિયાદી તથા તેના પરિવારના સભ્યો ઘરે હતા ત્યારે અભિષેક અહીં આવ્યો હતો અને સીધો જ ફરિયાદીને ઢીકાપાટુનો મારમારવા લાગ્યો હતો.ફરિયાદીના પત્ની મંજબેન(ઉ.વ ૫૫) છોડાવવા વચ્ચે પડતા તેની સાથે પણ ઝપાઝપી કરી હતી.

શેરીમાં દેકારો થતા અભિષેકના બે મિત્રો અહીં આવ્યા હતાં. અને તેને અહીંથી લઈ ગયા હતાં. બાદમાં ફરી અભીષેક તેની સાથે પાંચેક અજાણ્યા શખસોને લઈ ફરિયાદીના ઘરે આવ્યો હતો અને ગાળાગાળી કરી પ્રૌઢને મારમાર્યો હતો. દરમિયાન ફરિયાદીના જમાઈ નિખિલભાઈ બીજા જમાઈ મોહિતભાઈ આવી જતા ૧૧૨ માં કોલ કર્યો હતો. ગાડી આવી તે પૂર્વે ફરિયાદીની દીકરી મિનાક્ષી આવી જતા અભિષેક ડેલના દરવાજમાં લાતો મારતો હતો. બાદમાં પોલીસ આવે તે પૂર્વે અભિષેક અને તેની સાથેના આ શખસો નાસી ગયા હતાં. આ મારમારીમાં ફરિયાદીને મુંઢ ઈજા પહોંચી હતી.

બાદમાં ફરિયાદીને જાણ થઈ હતી કે જે પ્લોટના લીધે આ માથકૂટ થઈ છે તે પ્લોટમાં કોઈ કારણસર આગ લાગતા તેનો ખાર રાખી અભિષેકે આ કૃત્ય આચર્યુ છે.બનાવ અંગે સોની પ્રૌઢની ફરિયાદ પરથી બી ડીવીઝન પોલીસે આરોપીઓ સામે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# માંડા ડુંગરમાં ફટાકડા ફોડતી વખતે કિશોર દાઝ્યો

## સગીર ખિસ્સામાં ફટાકડા રાખી ફોડતો હતો ત્યારે પેન્ટ આગ લાગતા ગંભીર ઈજા

**અબતક રાજકોટ**

આજે દિવાળી પર્વ નો આનંદ ઉજવવામાં ખુશી ના માહોલ ત્યારે રાજકોટ ઠેર ઠેર જગ્યા ફટાકડા ફોડી અનેરો આનંદ મેળવી રહ્યા છે ત્યારે રાજકોટ શહેરમાં રહેતા માંડા ડુંગર ભીમરાવનગર માં રહેતો કિશોર ઉંમર ૧૧ વર્ષીય કિશોર ફટાકડા ફોડતી વેળા અચાનક પગ પાસે આગ લાગતા ઈજાગ્રસ્ત કિશોર ને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો આ અંગે મળતી માહિતી મુજબ માંડા ડુંગર પાસે ભીમરાવનગર માં રહેતો કાર્તિક સુરેશભાઈ દેગામા ઉંમર વર્ષ ૧૧ વર્ષીય કિશોર પોતાના ઘરે એકલો હોય અને માતા પિતા બહાર ગયેલ હોય કાર્તિક પોતાના પેન્ટ ના ખિસ્સા માં છુટા ફટાકડા ભરી ને ફોડતો હતો ત્યારે અચાનક એક ફટાકડા ની આગ પેન્ટમાં અડી જતા આગ લાગી હતી ખિસ્સા ભરેલા ફટાકડા એક્કસાથે ફૂટતા પગ ગંભીર ઈજા થતા પડોસી દ્વારા કાર્તિક ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો સુરેશભાઈ ને સંતાન માં એ પુત્ર છે અને શ્રમિક કામ કરે છે એવું જાણવા મળેલ છે

# સાધુવાસવાણી રોડ પર ૬૨ વર્ષીય વૃદ્ધાના ગળામાંથી બે લાખના ચેઈનની ચિલઝડપ

## વહેલી સવારે પગપાળા મંદિરે દર્શન કરવા જતાં વૃદ્ધાને રસ્તામાં એક્ટિવા પર ધસી આવેલી સમડીનો ભેંટો: યુનિવર્સીટી પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર મંદિરે દર્શન કરવા જઈ રહેલા વૃદ્ધાના ગળામાં ઝોંટ મારી સમડી રૂપિયા બે લાખની કિંમતનો સોનાનો ચેન આંચકી ગઈ હતી. આ અંગે વૃદ્ધાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે સમડીના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

શહેરના સાધુ વાસવાણી રોડ પર ઉત્સવ પાર્ક શેરી નંબર-૧ વાઈબ્રન્ટ હોસ્પિટલવાળી શેરીમાં રહેતા વિજયાબેન જીવરાજભાઈ કાસુન્દ્રા (ઉ.વ. ૬૨) નામના વૃધ્ધાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૯/૧૦ ના સવારના સાતેક વાગ્યે આસપાસ તેઓ ઘર પાસે સાધુ વાસવાણી રોડ ગંગોત્રી ડેરીથી ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા માટે ચાલીને જતા હતા. દરમિયાન સામેથી આવતા અજાણ્યા સફેદ કલરના એકટીવાચાલકે તેનું વાહન વૃદ્ધાની પાસે ચલાવી તેમના ગળામાં ઝોંટ મારી અ શખસ નાસી ગયો હતો. વૃદ્ધા ગભરાઈ જઈ અહીં બેસી ગયા હતા. ઝપાઝપીમાં વૃદ્ધાએ પહેરેલ ચેનનું પેન્ડલ પડી જતા તેમના હાથમાં આવી ગયું હતું પરંતુ સોનાનો ચેન ૨૦ ગ્રામ કિંમત રૂપિયા બે લાખ લઈને આ શખસ નાસી ગયો હતો. બાદમાં તેમણે પોતાના પુત્ર- પતિને આ બાબતે વાત કર્યા બાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે સમડીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### દિવાળી...

આવે છે અને મહાસરસ્વતી એટલે કે ચોપડા ચોપડાનું પૂજન સ્વયં સરસ્વતી માતાજી તરીકે પૂજવામાં આવે છે . આમ ચોપડા પૂજનમાં મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી નુ પૂજન કરવામાં આવે છે અને છેલ્લે લક્ષ લાભ. લાભ સવાયા બોલવા મા આવે છે એટલે કે મહાલક્ષ્મીજીની કૃપાથી અમારો વ્યાપાર સવાયો થાય

અષ્ટ લક્ષ્મીના નામઃ ૧. ઓમ શ્રી લક્ષ્મયૈ નમઃ ૨. ઓમ વિદ્યા લક્ષ્મી નમઃ ૩. ઓમ સોભાગ્ય લક્ષ્મી નમઃ ૪, ઓમ અમૃત લક્ષ્મી નમઃ ૫. ઓમ કામ લક્ષ્મી નમઃ ૬. ઓમ સત્ય લક્ષ્મી નમઃ ૭. ઓમ ભોગ લક્ષ્મી નમઃ ૮, ઓમ યોગ લક્ષ્મી નમઃ છે.

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર આજે રાત્રિના ૮ થી ૧૦ એમ બે કલાક જ ફટાકડા ફોડવાની મંજુરી આપવામાં આવી છે. દેશવાસીઓને રાષ્ટ્રપતિ દ્રૌપદ્રી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ નાગરિકોને શુભકામના પાઠવી છે. તમામ લોકોને સાવચેતી પૂર્વક દિવાળીના પર્વની ઉજવણી કરવા અપીલ પણ કરવામાં આવી છે.

સવારથી આસોપાલવના તોરણ સહિતની શુકનવંતી ખરીદી કરવા માટે લોકો નીકળી પડયા છે. બજારોમાં અનેરી રોશની કરવામાં આવી છે. સોળેશણગાર જેવા મનમોહક માહોલથી તમામના હૈયા હિન્દુ ધર્મના મોટા પર્વ દિવાળીનો અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ નાગરિકો તેમજ સમગ્ર દેશવાસીઓને દિવાળીના પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું કે, દિવાળીનો તહેવાર અંધકાર પર પ્રકાશ, અન્યાય પર ન્યાય અને નકારાત્મકતા પર સકારાત્મકતાના વિજયનું પ્રતિક છે.

રાજ્યપાલએ કહ્યું કે, દિવાળીનો તહેવાર આપણને એ સંદેશ આપે છે કે જ્યારે આપણે પોતાના અંતઃકરણમાં સત્ય, સદાચાર અને આત્મબળનો દીપ પ્રજ્વલિત કરીએ છીએ, ત્યારે આપણા જીવનમાં આશા, સમૃદ્ધિ અને શાંતિનો પ્રકાશ ફેલાય છે. આ પાવન પ્રસંગે તેમણે સૌને સ્વદેશી અપનાવવાનો સંકલ્પ લેવાની અપીલ કરતાં જણાવ્યું કે, જ્યારે આપણે આપણા દેશમાં નિર્મિત વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણે ન માત્ર આપણા કારીગરો, ખેડુતો અને ઉદ્યોગકારોને સશક્ત બનાવીએ છીએ, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને પણ સાકાર કરીએ છીએ.

રાજ્યપાલએ ઉમેર્યું કે, આપણી સંસ્કૃતિ હંમેશાં 'વસુધૈવ કુટુંબકમ્'ના આદર્શો પર આધારિત રહી છે, એટલે કે સમગ્ર માનવજાત એક પરિવાર છે. આ જ ભાવનાથી પ્રેરિત થઈને આપણે પર્યાવરણનું સંરક્ષણ, પ્રાકૃતિક સંસાધનોનું સમ્માન અને પ્રાકૃતિક ખેતી જેવા ટકાઉ જીવનમૂલ્યોનો સ્વીકાર કરીને એક ઉજ્જવળ, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ભાગીદાર બનીએ.

(ચોથા પાનાનું ચાલુ)

### બીએપીએસ સ્વામિનારાયણ

સૌ કોઈ એ અન્નકૂટની વિવિધ વાનગીઓને પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરતા હોય છે.

મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી રાજકોટ ખાતે ૧૫૦૦થી પણ અધિક શુધ્ધ, સાત્વિક અને શાકાહારી વાનગીઓનો ભવ્ય અન્નકૂટ રચાશે જેમાં વિવિધ મીઠાઈઓ, ફરસાણ, સુકોમેવો, જ્યુસીસ વગેરે અનેક સંતો અને હરિભક્તો દ્વારા પવિત્ર વાતાવરણમાં સંપૂર્ણ શુધ્ધતા દ્વારા બનાવવામાં આવી રહ્યા છે. રાજકોટના અગ્રણી મહાનુભાવોની હાજરીમાં અન્નકૂટની પ્રથમ આરતીનો ૧૦:૦૦ વાગ્યે લાભ પ્રાપ્ત થશે. ત્યારબાદ દર કલાકે સાંજે ૭:૦૦ વાગ્યા સુધી આરતીનો લાભ પ્રાપ્ત થશે.

નૂતન વર્ષે દર્શને આવનાર દર્શનાર્થીઓને પ્રસાદ અને પ્રેરણાત્મક સંદેશ પાઠવતું સુંદર પોકેટ કાર્ડ આપવામાં આવશે. આ સમગ્ર ઉત્સવનો લાભ લેવા રાજકોટના તમામ શહેરીજનોને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર વતી કોઠારી બ્રહ્મતીર્થ સ્વામી અને અપૂર્વમુનિ સ્વામીએ હાર્દિક આમંત્રણ પાઠવેલ છે.

### હર્ષ સંઘવી

સામાન્ય જનતાને મોટી અગવડતા પડતી. જનહિતને પ્રાથમિકતા આપતા સંઘવીના આ પગલાંને કાર્યકરો તેમજ નાગરિકોએ પણ આવકાર્યો છે.

### સાળંગપુર

નહીં મુગટમાં ફૂલ, ઝાડ અને બે મોટા કમળની ડિઝાઈન ચાર ચાંદ લગાવે છે. દાદાના મંદિર અને સમગ્ર પરિસરને રોશનીથી શણગારવામાં આવ્યુ હતું, મંદિરના વહીવટકર્તા કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી, શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) વિગેરે સંતમંડળ દ્વારા પૂજ્ય દાદાના ભક્તો માટે વિશેષ સગવડ રહેવા-જમવાની તથા યજ્ઞ મંડપની અને પાર્કીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ નિમિતે હનુમાનજી દાદાના રસોડામાં પ્રસાદીમાં પુરી, બુંદી, મોહનથાળ, દાળ-ભાત,શાક, ખમણ વગેરે પકવાનોની પ્રસાદનો લાભ હજારો ભકતોએ લીધો હતો

### પ્રવિણાબેન રંગાણી

રાજયના જિલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ સહીત તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ આયોજન સ્મશાનમાં કરી લોકોને જાગૃત કરવા પ્રયત્નો કર્યા હતા.

જાથાના આકાશ પંડ્યા એડવોકેટ, અંકલેશ ગોહિલ, નિર્મળ મેત્રા, રમેશ પરમાર, રાજુ યાદવ, રવિ પરબતાણી, ભોજાભાઈ ટોપટા, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, પ્રકાશ મનસુખભાઈ, હર્ષાબેન પંડ્યા વકીલ, હિનાબેન પંડ્યા, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહેલ, અરૂણાબેન પરમાર, અનેક કાર્યકરોએ મશાલ સરઘસ સ્મશાન અને પ્રયોગ નિદર્શનમાં ભાગ લીધો હતો.

(૯માં પાનાનું ચાલું)

### વડાપ્રધાન...

વિક્રાંત પર સૈન્ય શકિતને જોઇ. આપણા જવાન આપણી દિપમાળા છે. ઉમંગ અને ઉત્સાહથી ભરપૂર છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હું કાલથી તમારી સાથે છું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આઈએનએસ વિક્રાંત પર ગઈકાલે વિતાવેલી રાત શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ છે. મેં તમારા બધામાં અપાર ઉર્જા અને ઉત્સાહ જોયો છે ગઈકાલે જ્યારે મેં તમને દેશભક્તિના ગીતો ગાતા જોયા, અને તમે તમારા ગીતોમાં ઓપરેશન સિંદૂરનું જે રીતે વર્ણન કર્યું, ત્યારે કોઈ પણ શબ્દો યુદ્ધભૂમિ પર ઊભા રહીને અનુભવાતા અનુભવને સંપૂર્ણ રીતે વ્યક્ત કરી શકતા નથી.

### દિવાળી ઉત્સવ...

રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું આજે રાત્રે ૧૨:૦૦ કલાકે સમાપન થઈ જશે. રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે. જુદાજુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. એમાં પણ જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ વર્ષે પણવધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા યોજાયેલો સ્વચ્છ-હરિયાળું-રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવ સુપર હિટ રહ્યો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ટ્રિપલ મર્ડર....

મસ્તી જ કરવી હોય તો હું હથીયાર મગાવી લઉં કહી તેણે કોઈને ફોન કરેલ હતો. થોડીવારમાં અરૂણ બારોટનો સગો ભાઈ રમણ બારોટ તથા તેની સાથે અજાણ્યો એક વ્યકિત ડબલ સવારીમાં સફેદ કલરનું મોટર સાયકલ લઈ ધસી આવેલ હતો. ત્યારે રમણના હાથમાં બે છરીઓ હતી અને તેની સાથે આવેલ વ્યકિતના હાથમાં બેટ હતું.

જેથી મારા મોટાબાપુ સુરેશભાઈએ અમને કહેલ કે તમે શાંતી રાખજો, હું વાત કરી લઉં છું. જેથી હું તથા મારા પિતા સાઈડમાં ઉભા હતા. દરમ્યાન અરૂણ બારોટ તથા તેનો ભાઈ રમણ બારોટ અને તેના ત્રણ મીત્રો મારા મોટાબાપુ સાથે ગાળા ગાળી અને ઝઘડો કરવા લાગેલ હતા. જેથી મારા મોટાબાપુએ કહેલ કે, દિવાળીનો તહેવાર છે ઝઘડો ન કરો. તો અરૂણ અને રમણે કહેલ કે, આજે તો તમને પતાવી દેવા છે કહી મારા મોટાબાપુ સુરેશભાઈને અરૂણના મિત્રોએ પકડી લીધેલ અને રમણ બારોટ પાસેથી એક છરી લઈ મોટાબાપુને બે-ત્રણ ઘા મારી દીધેલ હતા. જેથી હું તથા મારા પિતા આ લોકોને છોડાવવા વચ્ચે પડતા રમણ બારોટે મારા પિતાને આડેધડ છરીના બે-ત્રણ ઘા મારી દીધેલ હતા. જેથી તેઓને લોહી નીકળવા લાગેલ હતું અને તેઓ ત્યાં પડી જતા દેકારો થતા મારા માતા હંસાબેન પણ આવી ગયેલા હતા. બાદમાં રમણ બારોટે મને કહેલ કે, આજે તો તને પણ જીવતો રહેવા દેવો નથી, પતાવી જ દેવો છે કહી મને પણ છરીનો એક ઘા કમરમાં પાછળના ભાગેમારી દીધેલ હતો. અરુણે માતા હંસાબેનને કપાળના ભાગે છરીનો ઘા મારી દીધેલ હતો. ઝપાઝપી દરમ્યાન અરૂણ બારોટ તથા રમણ બારોટને પણ ઈજાઓ થયેલ હતી. ઝગડાને પગલે દેકારો થતા મારા કાકા જગદીશભાઈ તથા બીજા માણસો આવી જતા હુમલાખોરો નાસી ગયેલ હતા. બાદ મોટાબાપુ સુરેશભાઈ અને પિતાને ખુબ જ લોહી નીકળતું હોય મારા કાકા જગદીશભાઈની ફોરવ્હીલ કારમાં સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ હતા. બાદમાં યુવક પણ સારવાર અર્થે દાખલ થયો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવકના મોટાબાપુ સુરેશભાઈ વશરામભાઈ પરમાર અને પિતા વિજયભાઈ વશરામભાઈ પરમારનું મોત થયું હતું. ઘટનાને પગલે માલવિયાનગર પોલીસની ટીમે બીએનએસની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૮(૧), ૧૧૫(૨), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩) અને ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધ્યો હતો. જયારે સમાપક્ષે વળતી ફરિયાદ નોંધાવતા આંબેડકરનગર શેરી નં.-૫ માં રહેતા રમણ વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ નાથાભાઈ બારોટે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરેશ વશરામભાઈ પરમાર, વિજય વશરામભાઈ પરમાર, સુધીર વશરામભાઈ પરમાર અને બે અજાણ્યા શખ્સોનું નામ આપતાં જણાવતા કહ્યું હતું કે, હું ગોકુળધામ મેઈન રોડ ઉપર ખોડિયાર હોટલની ઉપર ટેટુ સ્ટુડિયો નામની દુકાન ધરાવું છું. અમે ત્રણ ભાઈ તથા એક બહેનમાં સૌથી મોટા અરુણભાઈ, તેમનાથી નાનો હું તથા સૌથી નાનો ભાઈ રાજદીપ તેમજ બહેન સંગીતા (ઉંવ ૫) ની છે. મારા પિતા જમીન-મકાન લે-વેચનું કામ કરે છે.અરુણ બારોટે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રીના હું મારા ઘરે હતો. ત્યારે મારા ફુવાના ભાઈ જગાભાઈ બારોટનો મને ફોન આવેલ કે, હું અહીં યશ મકવાણા જે શેરીમાં રહે છે ત્યાં આવ, અહી અરુણને માથાકૂટ થયેલ છે. જેથી હું અને મારો મિત્ર કે જેનું નામ હાલ મને યાદ આવતું નથી તેની સાથે મારા ઘરેથી મોટરસાયકલ લઈને દોડી ગયેલ હતો. જ્યાં લોકોનું ટોળું ભેગું થયેલ હતું અને મારો ભાઈ અરુણ રોડ ઉપર પડેલ હતો. જ્યાં અમારા વિસ્તારમાં રહેતા સુરેશભાઈ વસરામભાઈ પરમાર, વિજયભાઈ વશરામભાઈ પરમાર, સુધીરભાઈ વિજયભાઈ પરમાર તેને માર મારતા હતા. જેથી હું મારા ભાઈને છોડાવું કે કંઈ સમજું તે પહેલા જ આ લોકો મને પણ ઢી કાપાટુનો માર મારવા લાગેલા હતા. તેની સાથે બીજા પણ એક-બે માણસો હોય તેવું મને લાગેલ, જે બધા મને તેમજ મારા ભાઈને માર મારતા હતા. તેમાંથી કોઈએ મને ડાબા પડખાના ભાગે છરી જેવું તિક્ષ્ણ હથિયારનો ઘા ઝીંકી દીધેલ હતો. બાદ હું નીચે પડી જતા ફરીવાર મને કોઈએ જમણા હાથે કાંડાથી ઉપર છરીનો ઘા ઝીંક્યો હતો. દરમિયાન અરુણ ઉભો થઈને વચ્ચે પડતા વિજયભાઈ પરમારે છરી જેવા હથિયાર વડે અરુણને પીઠના ભાગે ઘા ઝીંકી દેતા છરી અરુણના પીઠના ભાગે જ ખૂંપી ગયેલ હતી. જેથી તે બેભાન થઈ ગયેલ હતો. બાદ લોકો એકત્રિત થઈ જતાં અમને છોડાવેલ હતા. બાદ મને મારા સંબંધી કે જેઓ હોસ્પિટલે આવેલ તેમના દ્વારા જણાવેલ કે, આ બનાવમાં મારા ભાઈ અરુણનું મોત થઈ ગયેલ હતું. જે બનાવમાં માલવિયાનગર પોલીસે બીએનએસની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૧૧૮(૧), ૧૧૫(૨) હેઠળ ગુનો નોંધ્યો હતો.

જૂથ અથડામણમાં સુઝુકી સિલેરિયો કાર સહીત અનેક વાહનોમાં પણ તોડફોડ કરવામાં આવી હતી.

બનાવને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, એસીપી બી જે ચૌધરી, માલવિયાનગર પીઆઈ જે આર દેસાઈ સહીતના અધિકારીઓ, સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને અનિચ્છનીય બનાવ અટકાવવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બાદમાં ઉચ્ચ અધિકારીઓ સરકારી હોસ્પિટલ ખાતે પણ દોડી ગયા હતા.

બનાવને પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે હત્યા સહિતના ગુનામાં શામેલ જગો રામજીભાઈ ચૌહાણ, મનીષ ખીમસુરીયા અને કિશન મકવાણાને રાઉન્ડ અપ કરી લીધા હતા.

# દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

## રાજકોટ શહેર ભાજપના સહ કાર્યાલય મંત્રી શૈલેષ દવેના માતૃશ્રીની નિધન



**રાજકોટઃ** મુળ વિસાવદર હાલ રાજકોટ નિવાસી રાજગોર બ્રાહ્મણ સુશીલાબેન નરસિંહભાઈ દવે (ભરાડ) ઉંમર વર્ષ ૭૧ તે સ્વ. નરસિંહભાઈ શિવરામભાઈ દવે (ભરાડ)નાં પત્ની, હરેશભાઈ દવે ( દીકરાનું ઘર - વૃદ્ધાશ્રમ , ઢોલરા ) , શૈલેષભાઈ દવે (સહ કાર્યાલય મંત્રી રાજકોટ શહેર ભાજપ, શ્રીમતી આર. ડી. ગારડી કોલેજ- હરિપર, એડવોકેટ અને નોટરી), મનીષભાઈ દવે તેમજ ગીતાબેન અશોકકુમાર ધાંધીયા (રાજકોટ)નાં માતુશ્રી, દેવજીભાઈ રામભાઈ મહેતા (સરસીયા) તથા મૂળશંકર રામભાઈ મહેતા (સરસીયા)નાં બેનનું તા.૧૮ ને શનિવારના રોજ અવસાન થયું છે.

**રાજકોટઃ** વાંકાનેર નિવાસી હાલ રાજકોટ સ્વ. હસમુખરાય વનેચંદ શાહના પુત્ર અશોકભાઈ (ઉ.વ.૭૧) તે કિરણબેનના પતિ, ધરણેન્દ્ર (પિન્ટુ)ના પિતા, રીટાબેન, નિતાબેન, સ્વ. હેમેન્દ્રભાઈ (ઢેબરભાઈ)ના ભાઈ, ભાણવડવાળા સ્વ. હેમતલાલ રામજીભાઈ મહેતાના જમાઈનું તા. ૧૯ ના રોજ અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પરંપરા યથાવત: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેનાના જવાનો સાથે ઉજવી દિવાળી

## ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનની હાલત ખરાબ થઈ: વડાપ્રધાન



**અબતક, રાજકોટ**

પીએમ મોદીએ નૌસેના સાથે દિવાળીની ઉજવણી કરી છે. ગોવામાં આઈએનએસ વિક્રાંત પર પીએમ મોદી ગઈ કાલથી છે. તેઓએ આ પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું કે આઈએનએસ વિક્રાંતના નામથી જ દુશ્મનોનું સાહન તૂટી ગયુ છે. સેનાએ પાકિસ્તાનને ઘૂંટણિયા ટેકવા મજબૂર કરી દીધા છે. આઈએનએસ વિક્રાંતએ દુશ્મનોમાં ભય ઉભો કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે પોતાના દમ પર લડાઈ લડનારનું પલડુ ભારે હોય છે.

હું ભાગ્યશાળી છું કે આ વખતે હું નૌકાદળના બધા બહાદુર સૈનિકો વચ્ચે દિવાળીનો આ પવિત્ર તહેવાર ઉજવી રહ્યો છું", ગોવા અને કારવારના દરિયાકાંઠે ઈંગજ





વિક્રાંતમાં દિવાળી ઉજવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે દુનિયાના ઘણા દેશો ભારતીય મિસાઈલ ખરીદવા માગે છે. ૧૧ વર્ષમાં ડિફેન્સ પ્રોડક્શન ૩ ઘણુ વધ્યુ છે. નેવી ભારતના મહાસાગરની ગાર્ડિયન છે. આપદામાં દુનિયા ભારતને વિશ્વબંધુના રૂપે જોવે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે સેનાએ આત્મનિર્ભર થવુ જરૂરી છે. સેનાની ત્રણેય પાંખને સેલ્યુટ કરુ છું. આઈએનએસ વિક્રાંત આત્મનિર્ભર ભારતનું પ્રતિક છે. પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યું કે આઈએનએસ

(અનુ. આઠમા પાને)





# દિવાળી ઉત્સવને મન ભરીને માણતા રંગીલા રાજકોટવાસીઓ

## આજે દિવાળી ઉત્સવનું સમાપન: રવિવાર હકડેઠઠ મેદની ઉમટ્યા બાદ આજે પણ ભારે ટ્રાફિક



તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દ્વારા છેલ્લા ચાર દિવસથી રેસકોર્ષ ખાતે ચાલતો સ્વચ્છ-હરિયાળું-રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ સુપર હિટ રહ્યો છે.આજે રાત્રે આ ઉત્સવનું સમાપન થશે.ગઈકાલે રવિવારે માનવ મેદની ઉમટી હતી.આજે પણ ભારે ધસારો જોવા મળ્યો હતો. સ્વચ્છ-હરિયાળું-રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું ગત ગુરુવારે આરંભ થયો હતો. જેમાં રંગોળી સ્પર્ધા પણ યોજાઈ હતી.અવનવી રંગોળીઓ થી રેસકોર્ષ રિંગ રોડે જાણે સોળે શણગાર સજ્યા હોય તેવો માહોલ છવાયો હતો.શનિવારે ભવ્ય આતશબાજી યોજાઈ હતી. મ્યુઝિકલ બેન્ડ પણ ભારે જમાવટ કરી હતી. રેસકોર્સ રિંગ રોડ ફરતે ત આકર્ષક થીમ બેઈઝ લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવ્યું હતું. એન્ટ્રી ગેઈટ અને લેસર શો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સ્વચ્છ-હરિયાળું-

(અનુ. આઠમા પાને)





# આતશબાજી સુપર હીટ: રાજકોટીયન્સ સ્વયંભૂ ઉમટયાં

## સતત એક કલાક સુધી ચાલેલી આતશબાજી અવનવા ફટકડાથી આકાશમાં મનમોહક દ્રશ્યો સર્જાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધનતેરસના પાવન દિવસે શહેરના માધવરાવ સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી આતશબાજી સુપર હીટ રહેવા પામી હતી. કોર્પોરેશનનો આ એક માત્ર એવો કાર્યક્રમ છે જેમાં શહેરીજનો સ્વયંભૂ ઉમટી પડે છે. હજારોની મેદની એ સતત એકા કલાકની મોજ માણી હતી. આકાશમાં અવનવા ફટાકડાની રંગોળી પુરાય હતી.



આતશબાજી કાર્યક્રમનું ઉદઘાટન પૂર્વ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતું.

આ આતશબાજી કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, પ્રદેશ ભાજપ ઉપાદયક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, પોલીસ કમિશનર .બ્રજેશ કુમાર ઝા, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી સુરેન્દ્રસિંહ વાળા ઉપસ્થિત રહ્યા હતા.

મેયર નયનાબેન પેઢડીયાએ પ્રથમ તો શહેરીજનોને આજથી શરૂ થતા દિવાળીના તહેવારની અને નૂતન વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ આપું છું અને આવનારું નવું વર્ષ આપના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ અર્પણ કરે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું. રાજકોટ મહાનગરપાલિકા શહેરના લોકોને પ્રાથમિક સુવિધાના કામો, માળખાકીય વિકાસ કામો, હરવા ફરવાના સ્થળો વિકસાવવા, ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે અન્ડરબ્રિજ / ઓવરબ્રિજના કામો, મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલ તેમજ સી.સી.ટી.વી. કેમેરા, શહેરી ગરીબોને આવાસ યોજના વગેરે જેવા કામો તથા પ્રોજેક્ટ્સ શહેરીજનોને આપે જ છે. પરંતુ સાથો સાથ લોકોને તહેવાર દરમ્યાન તથા પ્રસંગોપાત આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, લોકડાયરા તથા મ્યુઝીકલ નાઈટ્સ, હિન્દી હાસ્ય કવિ સંમેલન, યોગ દિવસની ઉજવણી તેમજ દર વર્ષે રંગબેરંગી અને અવનવા થીમ બેઈઝ ફટાકડા દ્વારા ભવ્ય આતશબાજી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આવા સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી રાજકોટ મહાનગરપાલિકા શહેરીજનોને એક મનોરંજન પુરૂ પાડે છે અને આપણો સાંસ્કૃતિક વારસો આગળ ધપાવવાનું કાર્ય પણ કરે છે.



તસવીર: શૈલેષ વાડોલિયા

આ અવસરે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાએ દિવાળી પર્વની સૌને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા વર્ષોથી રાજકોટની જનતા માટે આવું વિશાળ આયોજન કરે છે તે બદલ સમગ્ર રાજકોટ મહાનગરપાલિકાની ટીમને અભિનંદન પાઠવું છે. કદાચ સમગ્ર દેશમાં પ્રથમ રાજકોટ મહાનગરપાલિકા હશે કે જે દિવાળી પર્વમાં એક જ સ્થળે બાળકો, વડીલો અને સમગ્ર પરિવાર એક સાથે માણી શકે એ માટે ધનતેરસની આતશબાજી કરે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે આપણા દેશના વિકાસની કામગીરી કરે છે તેમાં આપણે સૌ જોડાઈએ અને આપણા દેશની વિકાસની ગતિમાં આગળ વધારીએ. આવો આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણા દેશના વિકાસમાં આપણે સૌ સહભાગી થાશું.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા મંચસ્થ મહાનુભાવો અને નગરજનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ મંચસ્થ મહાનુભાવોનું ખાદીના રૂમાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. ઉપસ્થિત સૌ મહાનુભાવો અને શહેરીજનોએ વિકસિત ભારતના સંકલ્પ લીધા અને ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે આતશબાજીનો ડીઝીટલી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આતશબાજીમાં પ્રદર્શિત થયેલી ફટાકડાની અવનવી વેરાયટીની હજારો લોકોએ હર્ષોલ્લાસ અને ચિચિયારી સાથે મજા માણી હતી.





ગુજરાત સરકાર

# દિવાળી અને નૂતન વર્ષની શુભકામનાઓ

તહેવારોમાં **સ્વદેશી** અપનાવી,
વિકસિત ભારતનો દીપ પ્રગટાવીએ,
**આત્મનિર્ભર ભારત** બનાવીએ

## હર ઘર સ્વદેશી
## ઘર-ઘર સ્વદેશી



**શ્રી નરેન્દ્ર મોદી,**
**માનનીય વડાપ્રધાન**



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,**
**માનનીય મુખ્યમંત્રી, ગુજરાત**

સ્વદેશીને આપણું સ્વાભિમાન બનાવી ભારતને વિકાસથી દીપાવીએ
**- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી**

# ટોપ ઓર્ડરનો ધબડકો અને વરસાદના વિઘ્ન વચ્ચે ભારતનો ઓસ્ટ્રેલિયા સામે પરાજય

## રિવાઈઝ્ડ ટાર્ગેટને ચેઝ કરી રહેલી ઓસ્ટ્રેલિયન ટીમે સરળતાથી ટાર્ગેટ ચેઝ કર્યો: કેપ્ટન મિચેલ માર્શે નોટ આઉટ ૪૬ રનની ઈનિંગ રમી: ઓસ્ટ્રેલિયાએ ૩ મેચની ઓડીઆઈ સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી



**અબતક, નવી દિલ્હી**

પર્થ વનડેમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૭ વિકેટથી હરાવ્યું. વરસાદથી પ્રભાવિત આ મેચમાં ભારતે નિર્ધારિત ૨૬ ઓવરમાં ૧૩૬ રન બનાવ્યા હતા, ત્યારબાદ ડીએલએસ નિયમને કારણે ઓસ્ટ્રેલિયાને ૧૩૧ રનનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો.

વરસાદ આવે તે પહેલાં જ ભારતીય બેટ્સમેન સંઘર્ષ કરી રહ્યા હતા. ટીમ ઈન્ડિયાની હારનું એક મુખ્ય કારણ ટોપ ઓર્ડરનું પતન હતું. વિરાટ કોહલી , રોહિત શર્મા ૨ અને શુભમન ગિલ૫ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. ભારતે ૫૦ રન સુધી પહોંચતા પહેલા ૪ વિકેટ ગુમાવી દીધી હતી. આનાથી નીચલા ક્રમના બેટ્સમેનોને અસર થઈ.

રાહુલે ૩૮ અને અક્ષર પટેલે ૩૧ રન બનાવ્યા. અન્ય કોઈ ભારતીય બેટ્સમેન ૨૦ રન સુધી પણ પહોંચી શક્યો નહીં. બીજી તરફ ઓસ્ટ્રેલિયાએ ફક્ત ૪૪ રનમાં ૨ વિકેટ ગુમાવી દીધી હતી. છતાં તેમને ૬ના રન રેટથી સ્કોરબોર્ડને ચલાવી રાખ્યું. ઓસ્ટ્રેલિયાએ બતાવ્યું કે અહીં રન બનાવી શકાય છે.

ભારતીય ટીમનો બેટિંગ ક્રમ નંબર ૪ સુધી એ જ રહ્યો, જ્યાં બેટ્સમેન રમવા માટે ટેવાયેલા હોય છે. નંબર ૫ પર કેએલ રાહુલની વનડે એવરેજ ૫૬ થી વધુ છે, છતાં અક્ષર પટેલને તેમનાથી ઉપર મોકલવામાં આવ્યો હતો. નીતિશ કુમાર રેડ્ડીના બેટિંગ પ્રદર્શનથી એવું લાગતું હતું કે જો તેને નંબર ૬ પર મોકલવામાં આવ્યો હોત, તો ટીમ ઈન્ડિયા કદાચ મોટા સ્કોર તરફ આગળ વધી શકી હોત. વોશિંગ્ટન સુંદરને છઠ્ઠા નંબર પર મોકલવામાં આવ્યો હતો.

પહેલા વિરાટ કોહલી ઓફ-સ્ટમ્પની બહાર બોલ મારવા બદલ આઉટ થયો. કોહલી પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહીં. લેગ સાઈડ તરફ જતા બોલ સામે શ્રેયસ ઐયર અને કેપ્ટન શુભમન ગિલે પોતાના બેટ પરનો કાબુ ગુમાવ્યો અને વિકેટકીપર દ્વારા કેચ પકડાયા. વોશિંગ્ટન સુંદર, જે સામાન્ય રીતે સારી બેટિંગ કરે છે, તેને પણ સ્લો બોલ વાંચવામાં નિષ્ફળ જવાને કારણે પોતાની વિકેટ ફેંકી દીધી.

### કુલદીપ યાદવને ના રામાડવાનો નિર્ણય ભારત માટે અઘરો સાબિત થયો

ભારતીય ટીમે પ્લેઈંગ ઈલેવનમાં બે સ્પિન બોલિંગ વિકલ્પોનો સમાવેશ કર્યો હતો, અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદર. બંને બેટિંગ કરી શકે છે, જેનાથી તેમને ફાયદો થયો હશે. પરંતુ પર્થની પિચ વારંવાર રિસ્ટ સ્પિનરો સામે અસરકારક સાબિત થઈ છે. પટેલ અને સુંદર અલગ અલગ હાથથી બોલિંગ કરે છે, તેમ છતાં તેમની ગતિ લગભગ સમાન રહે છે, જેના કારણે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને તેમને વાંચવામાં સરળતા રહે છે. કુલદીપની ઉડતી અને ટોપ-સ્પિન બોલિંગ આ પિચ પર ઘાતક બની શકે છે.

# શિસ્તના અભાવે ભારતીય મહિલા ટીમ વર્લ્ડકપમાંથી બહાર ફેંકાઈ જશે ?

## મહિલા વર્લ્ડકપમાં ભારતની સતત ત્રીજી હાર: ઈંગ્લેન્ડે ચાર રનથી જીતી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો: ભારતે ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશ સામેની બંને મેચ જીતવી પડશે તો જ સેમિફાઈનલમાં સ્થાન મેળવી શકશે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મહિલા ઓડીઆઈ વર્લ્ડકપ ૨૦૨૫ મેચ ઈન્દોરમાં રમાઈ હતી. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરતા ઈંગ્લેન્ડે ૫૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૮૮ રન બનાવ્યા હતા.

ભારતે ૨૮૪ રનનો જવાબ આપ્યો હતો. ઈંગ્લેન્ડે મેચ ૪ રનથી જીતી લીધી હતી. આ મેચ પછી ઈંગ્લેન્ડ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને રહ્યું.

